# વાર્ષિક અહેવાલ : ૨૦૧૫-૨૦૧૬

## ★ શૈક્ષણિક :

લગભગ ૧૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની સંખ્યા ધરાવતી આ કૉલેજના પરિણામો પ્રતિ વર્ષની જેમ ઉજ્જવળ રહ્યાં.

## પરિણામો (૨૦૧૪-૨૦૧૫)

| | | % | % |
|---|---|---|---|
| આટ્ર્સ : | BA SEM I & II | 67.12 | 73.06 |
| | BA SEM III & IV | 77.27 | 68.79 |
| | B.A. SEM V & VI | 80.79 | 64.83 |
| કોમર્સ : | B.Com SEM I & II | 76.09 | 77.07 |
| | B.Com SEM III & IV | 74.10 | 72.54 |
| | B.Com SEM V & VI | 76.67 | 70.07 |
| | M.Com SEM I & II | 86.32 | 88.76 |
| | M.Com SEM III & IV | – | – |

## કોલેજનું ગૌરવ

### ઉઝમા ખલીફા :



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર III (81.90%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગમાં (Sem-III)માં પ્રથમ સ્થાને
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર IV (83.80%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગ (Sem-IV)માં દ્વિતીય સ્થાને

### હનાન કાગઝી :



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર I (78.97%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગ (Sem-I)માં તૃતીય સ્થાને
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર II (84.48%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગ (Sem-II)માં પ્રથમ સ્થાને
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર III (81.90%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગ (Sem-III)માં પ્રથમ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર IV (87.85%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આટ્ર્સ વિભાગ (Sem-IV)માં પ્રથમ સ્થાને

**બુશરા મીઠાવાલા :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર I (81.42%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર II (70.29%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.

**રહેનુમા વોરા :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર I (75.71%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર II (69.00%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને

**આયેશા શેખ :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર I (75.71%)માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર II (68.43%)માં ગુજરાત યુનિવર્સિટીમાં તૃતીય સ્થાને

**ફૈઝા ચોખાવાલા :**



- બી.કૉમ સેમેસ્ટર II [English Medium) (83.71%]માં ગુજરાત યુનિવર્સિટીમાં આઠમા★ ક્રમે ઉત્તિર્ણ.

**ગઝલ મિર્ઝા :**



- બી.કૉમ. સેમેસ્ટર II [English Medium (81.57%)]માં ગુજરાત યુનિવર્સિટીમાં બત્રીસમા★ ક્રમે ઉત્તિર્ણ.

નોંધ : ★ B.Com. – ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં 1 થી 50માં ક્રમમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થિનીઓ.

## ★ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :

- શૈક્ષણિક વર્ષના પ્રત્યેક સત્રમાં પ્રતિવર્ષની જેમ Parents Meetingનું આયોજન કરવામાં આવ્યું.
  - ➡ પ્રથમ સત્રના પ્રારંભમાં વિશેષ તો પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓને કૉલેજનો પરિચય આપવાના આશયથી યોજાયેલ મિટિંગમાં કૉલેજની શૈક્ષણિક તેમજ વ્યક્તિત્ત્વ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપવામાં આવી તથા કૉલેજ પરિવારના તમામ સભ્યોનો પરિચય કરાવવામાં આવ્યો. કૉલેજના Vision, Mission ઉપરાંત કૉલેજની ઐતિહાસિક બાબતો તેમજ માળખાગત સુવિધા, સગવડો વિશે જાણકારી આપવામાં આવી.

આ મિટિંગની નોંધપાત્ર બાબત એ જોવા મળી કે આગંતુક વિદ્યાર્થિનીઓના કેટલાક વાલી (માતા, સગા-સંબંધી) આ જ કૉલેજના પૂર્વ વિદ્યાર્થિની હોવાને લીધે તેમના પ્રતિભાવોમાં કૉલેજકાળના સંસ્મરણો સાથે પોતાની દીકરીને આ કૉલેજમાં પ્રવેશ આપીને આનંદની લાગણી અનુભવતા જોવા મળ્યાં.

  - ➡ બીજા સત્રમાં વિદ્યાર્થિનીઓના સ્વ-વિકાસના અનુસંધાનમાં માહિતી મેળવવાના હેતુથી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓએ (ખાસ કરીને પૂર્વ વિદ્યાર્થિનીઓએ) પોતાના સંસ્મરણો સહ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''વર્ષોથી પારિવારિક વાતાવરણ જાળવતી આ કૉલેજ તેની પરંપરા સાથે આધુનિક જગતને આનુસંગિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થિનીઓના ઉત્સાહને વધારે છે. તેનાથી અમને અમારા કૉલેજજીવનની યાદ તાજા થઈ જાય છે.'' વિદ્યાર્થિનીઓએ જણાવ્યું કે, ''આચાર્ય, અધ્યાપકોનું શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃત્તિઓ માટેનું શિસ્તરૂપ માર્ગદર્શન ઘણું ઉપયોગી થાય છે.''

## ★ UGC દ્વારા અનુદાનિત કેરિયર ઑરિએન્ટેડ કોર્સિસ (COC) :

UGCના અનુદાનથી Career Oriented Courses અન્વયે (Human Resource and Personnel Management) (HRM) કોર્સમાં વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું.

## ★ Competence Building Programme for Faculty (CBPF) :

- તા. ૨ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ Competence Building Programme for Faculty અંતર્ગત Physical and Mental Fitness for Work-Life Balance વિષયક Intercollege Workshop નું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા Shri Komal Shah (Yoga Instructor, Mission Health, Ahmedabad)એ અધ્યાપકોને વ્યવસાય સંબંધિત તેમજ વ્યક્તિગત સ્તરે ઊભાં થતાં તણાવને દૂર કરવા માટેના કેટલાક ઉપાયો જણાવી, વિવિધ પ્રકારના યોગાસનો, પ્રાણાયામ તેમજ Physical Fitness માટેની કેટલીક Importante tips ડેમોન્સ્ટ્રેશન દ્વારા આપી. અધ્યાપકોએ પણ ઉત્સાહભેર સ્વ-અનુભવ કરી, વિષયોચિત જાણકારી મેળવી.
- તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ 'Emerging Satellite based technology and its applications' વિષય અંતર્ગત Intercollege Competence Building Programme for Faculty નું આયોજન કરવામાં આવ્યું.

મુખ્ય વક્તા Shri Bharat Chaniara (Scientist – ISRO)એ ભારતમાં સેટેલાઈટના ઉપયોગથી વિકસેલી નેવિગેશન સિસ્ટમ વિશે રસપ્રદ સમજ આપી તથા ભારતે આ ક્ષેત્રમાં કરેલ નવીનતમ પધ્ધતિના ઉપયોગ વિશે માહિતીપ્રદ જાણકારી આપી. અધ્યાપકોએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

★ **Remedial Coaching for SC/ST/OBC and Minorities :**

વર્ષ ૨૦૧૫-૨૦૧૬ દરમિયાન વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.

- Accountancy, Statistics વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોમર્સની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- Economics, Geography, Sociology વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો આર્ટ્સની વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.
- શ્રી સબા સૈયદ મેહસાનિયા દ્વારા English Improvement & Communication હેઠળ

  – તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૫ – તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૧૬

  ...દરમિયાન બે બેચમાં વર્ગો યોજવામાં આવ્યાં. જેમાં વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક અભ્યાસ કર્યો.

★ **Career and Counseling Cell :**

વર્ષ દરમિયાન સેમિનાર, વ્યાખ્યાન તથા Campus Interview, Campus Awerness Programmeનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ 'Career Courses' અંતર્ગત 'એનિમેશન' વિષયક કોર્સ વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું. Shri Ninad Shastri (Director – Explora Design) એ વિષય આનુસંગિક PPT દ્વારા માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું. શ્રી શશીભાઈ તથા શ્રી અંકિતભાઈ (મદદનીશ, Explora Design) ઉપસ્થિત રહ્યાં.

  વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નાવલિ દ્વારા સવિશેષ જાણકારી મેળવી.
- તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ IBP (Indian Business Pages)ના નેજા હેઠળ Learning & Earning અંતર્ગત 'Campus Recruitment' હેઠળ વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી. જેમાં શ્રી સંદિપ પટેલ (PRO – ગુજરાત રાજ્ય, Head), શ્રી જયંત પંચાલ (સિનિયર – PRO) તથા શ્રી નેહલ સુતરિયા, શ્રી જતિન ત્રિવેદી, શ્રી પાર્થ પટેલ, શ્રી સમીર રાજવંશ (PROs) ઉપસ્થિત રહી, વિદ્યાર્થિનીઓને અભ્યાસ સાથે અર્થોપાર્જન કરવા માટેની માહિતી આપી.

## ★ Skill Development :

- તા. ૨૮ એપ્રિલ – ૧૨ મે, ૨૦૧૬ દરમિયાન Global Interactionના હેતુથી કૉલેજ કેમ્પસમાં ડૉ. શૈલજા ધ્રુવની નિશ્રામાં અમદાવાદ સ્થિત H. K. School of Foreign Languages (HSF)ના નેજા હેઠળ 'Spanish Language Classes'નું આયોજન કરવામાં આવ્યું. જેનો વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક લાભ લીધો. Dr. Adithya Yagnik (Head, Academic) તથા શ્રી Nirajben Shial (Faculty) દ્વારા વિદ્યાર્થિનીઓએ Spanish ભાષાનું શિક્ષણ મેળવ્યું.
- તા. ૨ માર્ચ, ૨૦૧૬ના રોજ શ્રી અનારબહેન પરીખની નિશ્રામાં શ્રી મિસ્બા શેખ (નિષ્ણાત – Aari Work)ના માર્ગદર્શન હેઠળ 'Aari Work'ની Workshopનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ આ Workshop દ્વારા Aari Workની વિવિધ પધ્ધતિઓ વિશે જાણકારી મેળવી, પ્રેક્ટિસ કરી.
- તા. ૨૩ જુલાઈ, ૨૦૧૫ના રોજ IBS (ICFAI Business School, Ahmedabad)ના નેજા હેઠળ 'Career Option and Skill Development' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Shri Naresh Sharma (Assistant Manager – Corporate Relations), Shri Rajesh Patel (Branch Manager) તથા Shri Dhvanitaએ વિષયોચિત માહિતી આપી. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

## ★ IQAC (Internal Quality Assurance Cell) :

Our IQAC Co-Ordinator, Dr. Madhusudan Mukerjee and Co-Coordinator, Dr. Rashmi Soni have been active in involving all the stakeholders of the college to contribute in our strive for excellence and efforts for constant improvement. A detailed IQAC report has been submitted to NAAC, one year post reaccreditation (2nd cycle) by Dr. Mukerjee.

## ★ Fashion Design Course :

**કૉ-ઑર્ડિનેટર શ્રી અનારબહેન પરીખના** માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ Multi Media દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસક્રમ મુજબ તાલીમબધ્ધ શિક્ષણ મેળવ્યું. (Two Batches)

**દશાબ્દિ વર્ષ**

**Fashion Design Course** (FDC)ને દસ વર્ષ પૂર્ણ થતાં **દશાબ્દિ વર્ષ** ઉજવાયું. તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ FDCના કૉ-ઓર્ડિનેટર શ્રી અનાર પરીખનું પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ સ્મૃતિભેટ દ્વારા સન્માન કરી, અભિનંદન પાઠવ્યાં. આ પ્રસંગે ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્‌મંત્રી, ગુ.સ્ત્રી કે.મં.) તથા શ્રી ચતુરભાઈ પટેલ (નિયામકશ્રી, ગું.સ્ત્રી કે.મં.)એ ઉપસ્થિત રહી અભિનંદન સહ શુભેચ્છા પાઠવી. શ્રી અનાર પરીખે પ્રતિભાવરૂપે એસ.એલ.યુ. કૉલેજને સ્વરચિત hand work frame આપી જણાવ્યું કે, "કૉલેજના સાનુકુળ વાતાવરણને લીધે મારો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. મેનેજમેન્ટના સભ્યોની

શુભેચ્છા, પ્રિ. ડૉ. સિરાલીબહેન મહેતાનું હકારાત્મક વલણ, પ્રા. ડૉ. શૈલજાબહેન ધ્રુવનો મૈત્રીપૂર્ણ સહકાર તથા વિદ્યાર્થિનીઓની મહેનત, ધગશથી દસ વર્ષ પૂર્ણ કર્યાનો મને આનંદ છે.''

**નોંધ :** દશાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે અભ્યાસક્રમ ઉપરાંત વિદ્યાર્થિનીઓ માટે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો.

**શૈક્ષણિક મુલાકાત**

તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વિદ્યાર્થિનીઓએ શ્રી અનાર પરીખના નેતૃત્ત્વમાં અમદાવાદમાં BRDS (Bhawar Rathod Design Studio) Fashion Institute દ્વારા આયોજિત Fabric Design, Exhibition (Conventional hall, Gujarat University, Ahmedabad)ની શૈક્ષણિક મુલાકાત લીધી.

## Workshop :

તા. ૨૧-૨૨ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન 'Hobby Ideas Fabric Painting' વિષયક Workshopનું આયોજન કરવામાં આવ્યું. શ્રી મંજુ ગોયેન્કા (આર્ટિસ્ટ, નેચરલ હોબી ક્લાસ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ફેબ્રિક પેઇન્ટસ્‌ની વિવિધ રીતો વિશે જાણકારી મેળવી, પ્રેક્ટિસ કરી.

**Exhibitions :**

વર્ષ દરમિયાન અભ્યાસક્રમ આનુષંગિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કૉલેજ કેમ્પસમાં Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનર કુર્તીઓનું પ્રદર્શન / વેચાણનું આયોજન કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. સિરાલી મહેતાના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ વિધિવત્ રીતે ઉદ્‌ઘાટન કરી, કૌશલ્ય અને અર્થોપાર્જનના સંયોજનથી આયોજિત Exhibition માટે શુભેચ્છા પાઠવી. આ પ્રદર્શન નિહાળનાર તમામ વ્યક્તિઓએ વિદ્યાર્થિનીઓને અભિનંદન આપી, પ્રોત્સાહન આપ્યું.

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં પ્રહલ્લાદનગર રોડ ઉપર આવેલ Anay's Galleryમાં Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનર કુર્તીઓનું પ્રદર્શન / વેચાણનું આયોજન પ્રતિવર્ષની જેમ કરવામાં આવ્યું. જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ મળ્યો. મુલાકાતી વ્યક્તિઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''છેલ્લા બે-ત્રણ વર્ષના અનુભવે અમે આ પ્રદર્શનને નિહાળવા ઉત્સુક હોઈએ છીએ. અનારબહેનના માર્ગદર્શન, વિદ્યાર્થી બહેનોની મહેનત તેમજ ઉત્સાહને લીધે વસ્ત્રોમાં વૈવિધ્ય જોવા મળે છે. કૉલેજના તમામ સભ્યોને દશાબ્દિ વર્ષની શુભેચ્છા પાઠવીએ છીએ. ખૂબ પ્રગતિ કરો.''

ઉપર્યુક્ત બન્ને પ્રદર્શનને પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પ્રકાશિત અને પ્રસારિત કરવામાં આવ્યાં.

**ડૉક્યુમેન્ટરી**

તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ (both batches) વિદ્યાર્થિનીઓને જીવન ઉપયોગી Mind Capabilities નિર્દેશીત કરતી 'The Secret' નામની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી. ડોક્યુમેન્ટરી નિહાળ્યા બાદ શ્રી અનાર પરીખે વિદ્યાર્થિનીઓને તેમાં નિર્દેશીત પ્રસંગોને ટાંકીને કારકિર્દીલક્ષી પ્રોત્સાહક માહિતી આપી.

★ **SCOPE (Society for Creation of Opportunity through Proficiency in English) :**

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષા પરના મહાવરાને સુદઢ બનાવવાના હેતુથી આયોજિત SCOPEના faculty members – સબા મેહસાનિયા તથા સાલેહા શેખએ Cambridge English Language Assessment (part of the University of Cambridge) દ્વારા આયોજિત TKT (Teaching Knowledge Test) આપી, ઉત્તિર્ણ થયાં.

જેમાં...

- Saba Mehsania has been awarded Band-3 in TKT Module - 1 (Language and background to language learning and teaching).
- Saleha Shaikh has been awarded Band - 2 in TKT Module 3 (Managing the teaching and learning process).

...અંતર્ગત ઉત્તિર્ણ થયાં

★ તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ **ડૉ. ધ્રુમનબહેન દીવાનજીની સ્મૃતિમાં 'કાવ્યોત્સવ – મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે'** અંતર્ગત કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી રમેશ ઠક્કર, શ્રી લત્તા હિરાણી, શ્રી ચિરાગ ત્રિપાઠી તથા શ્રી હરદ્વાર ગોસ્વામીએ પોતાની રચનાઓ દ્વારા શ્રોતાજનોની 'દાદ' અને 'દુબારા'નો માહોલ સર્જ્યો.

આ કાર્યક્રમમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ – જિજ્ઞા પરમાર, કાજલ પરમાર, કિંજલ પરમાર, મુસ્કાનબાનુ શેખ – એ પણ કાવ્યનું પઠન કર્યું.

★ અન્ય કોઈ સ્રોતમાંથી આર્થિક રાહત ન મળતી હોય એવી જરૂરિયાતમંદ, આર્થિક સહયોગ ઇચ્છતી વિદ્યાર્થિનીઓને 'માનવ કલ્યાણ ટ્રસ્ટ'ના સહયોગ દ્વારા આર્થિક સહાય આપવાનું આયોજન થયું. જેનાથી ઘણી વિદ્યાર્થિનીઓને સહાય મળી.

★ તા. ૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ Hindustan Petroleum Corporation Ltd. (A Government of India Enterprise), North West Zone - Ahmedabad, CSR (Corporate Social Responsibility – કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબીલીટી)ના નેજા હેઠળ કૉલેજમાં અભ્યાસ કરતી SC, ST તથા OBC કેટેગરીની વિદ્યાર્થિનીઓને અભ્યાસ માટે પ્રોત્સાહન આપવાના હેતુથી તેમના પરિણામને

આધારે સ્કોરશીપ આપવામાં આવી. Shri Ankit Singh (Sr. Officer HR) તથા Shri Surash Leuva (Admin Assistant) દ્વારા સ્કોપશીપ આપીને વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક સિધ્ધિ મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવી. Shri Paresh Bharadia (Photographer)એ મદદનીશ તરીકે કામગીરી કરી.

★ તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હૉસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો – જીગીશા પંચાલ અને સ્વાતિ પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

★ 'ફોરમ'ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા કૉલેજના બોર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિવર્ષની જેમ થયું.

★ તા. ૧૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ પ્રત્યેક વર્ષની જેમ પ્રકાશિત **'આરસી'** (A Mirror of this College) મેગેઝિન : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૪-૨૦૧૫, અંક-૧૦ : કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિની ઝલક, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓ દ્વારા લિખિત 'પર્યાવરણ' સંબંધિત લેખ / કૃતિઓ તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતા માહિતીપ્રદ – મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી દેવેન્દ્ર પારેખ (તાલીમ સંયોજક, પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન, સુઘડ (તા./જિ. ગાંધીનગર) એ **'આરસી'**નું વિમોચન કરી જણાવ્યું કે "પ્રવર્તમાન સમયમાં ચારે તરફ કુદરતી સંપત્તિના જતન અંગેની ઝૂંબેશ ચાલી રહે છે તેવા માહોલમાં 'પર્યાવરણ' વિષયક કૉલેજનું મેગેઝિન પ્રકાશિત થાય તે ખૂબ આનંદની બાબત છે. આપણે સૌ જાણીએ છીએ કે પર્યાવરણના જતનમાં શિક્ષણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાંય આદિકાળથી મહિલાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પર્યાવરણની રક્ષામાં યોગદાન આપતી રહી છે.' તેમણે વધુમાં જણાવ્યું કે, "૧૯૨૦થી સ્થાપિત એસ. એલ. યુ. કૉલેજની વિકાસગાથા તરફ દૃષ્ટિપાત કરતાં તેના ઐતિહાસિકથી વર્તમાન સમયગાળા દરમિયાન મહિલા-ઉત્કર્ષલક્ષી પ્રવૃત્તિઓની વણઝાર જોવા મળે છે. કૉલેજની શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં શિક્ષણના હેતુઓને પરિપૂર્ણ કરવાના પ્રયત્નો જોઈ શકું છું. કૉલેજ પરિવાર ખૂબ પ્રગતિ કરે તેવી મારી શુભેચ્છા પાઠવું છું. પ્રિ.ડૉ.સિરાલીબહેન, સંપાદક મંડળ તેમજ સમગ્ર એસ.એલ.યુ. પરિવારને આરસીના ૧૦મા અંકના પ્રકાશન માટે હાર્દિક અભિનંદન."

આ સમારોહમાં શ્રી પારેખે વિશેષ કરીને પર્યાવરણ જતનમાં સ્વચ્છતા અભિયાન, ગાંધીજીના વિચારો, અમદાવાદ સ્થિત સફાઈ વિદ્યાલયની પ્રવૃત્તિઓ, અમદાવાદથી ૧૨ કિ.મી.ને અંતરે આવેલ સુઘડ ગામ (તા./જિ. ગાંધીનગર) સ્થિત પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન (Environmentel Sanitation Institute) દ્વારા થતી પ્રવૃત્તિઓ વગેરે વિશે આગવી છટાથી સવિસ્તર માહિતી આપી.

★ તા. ૨૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ કૉલેજ કેમ્પસમાં Sonigra Sewing Machine Companyના સહયોગથી 'આધુનિક એમ્બ્રોયડરી મશીન' અંતર્ગત ડેમોન્સ્ટ્રેશન'નું આયોજન કરવામાં આવ્યું. કૉલેજમાં

અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ તેમજ અધ્યાપકોને Shri P. K. Puri (Marketing Manager, Sonigra Sewing Machine Company) અને તેમની ટીમના સભ્યોએ અદ્યતન એમ્બ્રોઈડરી મશીનની સવિસ્તર માહિતી આપી. માહિતી બાદ વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકોએ અદ્યતન મશીન દ્વારા એમ્બ્રોયડરીનો સ્વ-અનુભવ મેળવ્યો.

★ સપ્ટેમ્બર-૨૦૧૫માં કૉલેજના Aarsi - A Journal of Social Reflection (ISSN : 2231 - 2897; Vol. 3, No. 3, September 2015)નો તૃતીય અંક પ્રકાશિત થયો.

★ તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ 'શિક્ષકદિન' (તા. ૫ સપ્ટેમ્બર – જન્માષ્ટમી, તા. ૬ સપ્ટેમ્બર, રવિવાર) નિમિત્તે આર્ટ્સ, કૉમર્સ, હોમસાયન્સ, HRM, Fashion Design કોર્સની વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

★ તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૧૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી.

સરદાર-લોખંડી પુરુષ; સરદાર-સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા; સરદાર-રજવાડાઓના એકીકરણમા રાજકીય કુનેહ વગેરે વિષય અંતર્ગત ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આચાર્યશ્રી, અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓએ પોતાના વિચારો રજૂ કર્યા.

વિશેષ : 'સરદાર' ફિલ્મ નિહાળીને સૌએ સરદારના જીવન-કવન વિશે માહિતી પ્રાપ્ત કરી.

★ તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કૉલેજ કેમ્પસમાં સફાઈ અભિયાન યોજાયું. આચાર્યશ્રી, અધ્યાપકો, કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થિનીઓએ અભિયાનમાં જોડાઈને પોતાના કાર્ય દ્વારા તથા ગાંધીજીના આત્માને શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળીને ગાંધીજીને શ્રધ્ધાંજલિ અર્પી.

## ★ વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ :

- **સપ્તધારા :** સમગ્ર વર્ષ દરમિયાન સપ્તધારા પ્રવૃત્તિઓના આયોજનમાં **પ્રા. નરવતસિંહ ડામોર (કન્વીનર)** અને **ડૉ. વર્ષા પ્રજાપતિ (કૉ. કન્વીનર)** તથા કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિના આયોજનમાં **પ્રા. ભરત પટેલ (કન્વીનર), ડૉ. જૂઈ શાહ (કૉ. કન્વીનર)** તથા **ડૉ. દર્શના અંજારિયાએ (સહાયક)** તરીકે કામગીરી કરી.

  ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા 'સપ્તધારા-સંગમ'ના નેજા હેઠળ વિવિધ બૌધ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિધ્ધિ હાંસલ કરી, ઈનામો મેળવ્યાં. જેમાં...

### ➡ વક્તૃત્વ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | : | તનુજા ગોધિયા (B.A. SEM-I) |
| દ્વિતીય | : | ધારા ચંદેલા (B.A. SEM-I) |
| | | ઝૂફીશાનગઝલ મિર્ઝા (B.Com. SEM-III) |
| તૃતીય | : | પ્રિયા શ્રીમાળી (B.Com. SEM-I) |
| | | વર્ષા પંડ્યા (B.Com. SEM-III) |

### ➡ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | : | તનુજા ગોધિયા (B.A. SEM-I) |
| દ્વિતીય | : | શીફા મન્સૂરી (B.Com. SEM-V) |
| | | નાઝનીન છીપા (B.Com. SEM-III) |
| તૃતીય | : | વર્ષા પંડ્યા (B.Com. SEM-III) |
| | | અમરીન મન્સૂરી (B.Com. SEM-V) |

### ➡ ચર્ચા :

| | | |
|---|---|---|
| પ્રથમ | : | તનુજા ગોધિયા (B.A. SEM-I) |
| દ્વિતીય | : | અંકિતા ગોહિલ (B.Com. SEM-V) |
| | | નાઝનીન છીપા (B.Com. SEM-III) |
| તૃતીય | : | વર્ષા પંડ્યા (B.Com. SEM-III) |

### ➡ ક્વિઝ :

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા ટીમ | : | કૃપા જોશી (B.Com. SEM-I) |
| | | નાઝનીન છીપા (B.Com. SEM-III) |
| | | આર્શી બાગબાન (B.Com. SEM-III) |

### ➡ પાદપૂર્તિ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | : | જિજ્ઞા પરમાર (B.A. SEM-III) |
| દ્વિતીય | : | મુસ્કાનબાનુ શેખ (B.A. SEM-I) |

### ➡ કાવ્યપઠન સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | : | ધારા ચંદેલા (B.A. SEM-I) |
| દ્વિતીય | : | રુહી પઠાણ (B.A. SEM-I) |
| તૃતીય | : | વર્ષા પંડ્યા (B.Com. SEM-III) |
| | | અદીબા અસારી (B.A. SEM-I) |

➠ **નિબંધ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | સગુફતાબાનુ સૈયદ (B.A. SEM-I) |
| દ્વિતીય | : | પાયલ પરમાર (B.A. SEM-V) |

➠ **મહેંદી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | નૌશીનબાનુ કાદરી (B.Com. SEM-V) |
| દ્વિતીય | : | અનિષા ઘાંચી (B.Com. SEM-V) |
| | | આયેશા પઠાણ (B.Com. SEM-V) |
| તૃતીય | : | મશીરા મન્સૂરી (B.Com. SEM-V) |
| | | ડિમ્પલ રાઠોડ (B.Com. SEM-III) |
| | | દીલસત ઘાંચીવ્હોરા (B.Com. SEM-III) |

➠ **રંગોળી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | પ્રિયંકા ચૌહાણ (B.A. SEM-V) |
| દ્વિતીય | : | દેવાંગી વેગડા (B.A. SEM-I) |
| તૃતીય | : | રાગીણી કાનફાડે (B.A. SEM-I) |

➠ **ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | મારિયા મોરિસવાલા (B.A., SEM-V) |
| દ્વિતીય | : | આરઝૂ પઠાણ (B.A., SEM-V) |
| તૃતીય | : | ફૈઝા કાગઝી (B.A. SEM-V) |

➠ **કાર્ટુનિંગ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | મોહિની ઠાકોર (B.Com. SEM-V) |
| દ્વિતીય | : | ડાબીરા સૈયદ (B.A. SEM-III) |

➠ **કૉલાજ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | આરઝૂ પઠાણ (B.A. SEM-V) |
| દ્વિતીય | : | મોહિની ઠાકોર (B.Com. SEM-V) |

➠ **પોસ્ટર મેકિંગ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | : | ઉઝમા રંગરેજ (B.A., SEM-V) |
| દ્વિતીય | : | મોહિની ઠાકોર (B.Com., SEM-V) |
| તૃતીય | : | દેવાંગી વેગડા (B.A., SEM-I) |

### ➠ સુગમ સંગીત સ્પર્ધા :

**પ્રથમ** : **જિજ્ઞા પરમાર** (B.A. SEM-III)
**દ્વિતીય** : **શિવાની ગઢવી** (B.A. SEM-I)
**તૃતીય** : **સોફિયા મલેક** (B.A., SEM-V)
**નિહારિકા જાદવ** (B.A., SEM-I)

- વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમિયાન **તનુજા ગોધિયા** (B.A., SEM-I & II)ને ઉત્કૃષ્ટ દેખાવ માટે **ભાગીરથી કલા-કૌશલ ટ્રોફી એનાયત** કરવામાં આવી.

### ➠ નવરાત્રિ મહોત્સવ :

તા. ૧૪ ઑક્ટોબર, ૨૦૧૫ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ડૉ. સુષ્મા વોરા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા, કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

**શ્રેષ્ઠ પરિધાન :**

**પ્રથમ** : **જહાનવી શુક્લ** (B.Com., SEM-V)
**દ્વિતીય** : **સંગીતા ગોયલ** (B.Com., SEM-III)
**તૃતીય** : **કાજલ જાની** (B.A., SEM-I)
**પ્રિયા પરમાર** (B.Com, SEM-I)

**શ્રેષ્ઠ અભિવ્યક્તિ :**

**પ્રથમ** : **જહાનવી શુક્લ** (B.Com., SEM-V)
**દ્વિતીય** : **શાહિમા શેખ** (B.Com., SEM-V)
**તૃતીય** : **કેલ્વીના સોલંકી** (B.Com. SEM-III)
**જિજ્ઞા પરમાર** (B.A., SEM-III)

- **જહાનવી શુક્લએ શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા ડૉ. સુષ્મા વોરા ટ્રોફી પ્રાપ્ત કરી.**

**વિશેષ પુરસ્કાર :**

- **શૈક્ષણિક સ્ટાફ**
  - **શ્રેષ્ઠ અભિવ્યક્તિ** : **પ્રા. હિના પટેલ**
  - **શ્રેષ્ઠ પરિધાન** : **ડૉ. વર્ષા પ્રજાપતિ**, **શ્રી દિવ્યા પટેલ**
- **બિન-શૈક્ષણિક સ્ટાફ** : **શ્રી માયા સોની**
- **M.Com.** : **પૂનમ તોરાણી** (M.Com., SEM-III), **કિરણ ખેતરીયા** (M.Com., SEM-I)
- **ફેશન ડિઝાઈન કોર્સ** : **નીતુ મિશ્રા**

## આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્યકક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...

- તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં એમ.પી.આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા આયોજિત આંતરકૉલેજ સુર-સંગીત સ્પર્ધામાં મનિષા ટાંક (B.A. Sem-I) તથા વિશ્વા ગોસ્વામી (B.Com. Sem-I)એ ભાગ લીધો.
- તા. ૨૨ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ દ્વારા આયોજિત **આંતરકૉલેજ કાવ્યપઠન સ્પર્ધામાં** ધારા ચંદેલા (B.A. SEM-I) તથા મુસ્કાનબાનુ શેખ (B.A. SEM-I)એ ભાગ લીધો. જેમાં **મુસ્કાનબાનુ શેખ તૃતીય સ્થાને** વિજેતા બની.
- તા. ૧૪-૧૬ ઑગસ્ટ, ૨૦૧૫ દરમિયાન GLS (Smt. M. R. Parikh) Institue of Commerce Collegeના યજમાનપદે આયોજિત Rang Bahar Inter-Collegiate Creative Art Competition અંતર્ગત...
  - **કાર્ટુનિંગ સ્પર્ધામાં મોહિની ઠાકોર** (B.Com. SEM-V) **પ્રથમ સ્થાને** વિજેતા બની.
  - **કૉલાજ સ્પર્ધામાં આરઝૂ પઠાણ** (B.A. SEM-V) **દ્વિતીય સ્થાને** વિજેતા બની.
  - **પોસ્ટર મેકિંગ સ્પર્ધા**માં **મારિયા મોરિસવાલા** (B.A. SEM-V) **દ્વિતીય સ્થાને** વિજેતા બની.
  - ઑન ધ સ્પોટ પેઇન્ટિંગ સ્પર્ધામાં આરઝૂ પઠાણ (B.A. SEM-V)એ ભાગ લીધો.
  - રંગોળી સ્પર્ધામાં પ્રિયંકા ચૌહાણ (B.A. SEM-V)એ ભાગ લીધો.
- તા. ૯-૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન 'SANGAM-2015' અંતર્ગત H. A. College of Commerceના યજમાનપદે આયોજિત ગુજરાત યુનિવર્સિટી, એલિસબ્રીજ દક્ષિણ વિભાગના યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત M. B. Patel Rastrabhasha Vinayana Aur Vanijaya Mahavidyalayaના 'નેચર ક્લબ' વિભાગ દ્વારા આયોજિત 'Eco-friendly Ganpati' વિષયક Intercollege Workshopમાં કૉલેજની B.A. SEM-IIIની વિદ્યાર્થિનીઓ – હિરલ પટેલ, ધરતી સોની, ભૂમિ સોની, અનેરી અડાલજાએ ભાગ લઈ, ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.

  આ Workshopમાં **કૉલેજ તૃતીય સ્થાને વિજેતા** બનતા યજમાન કૉલેજ દ્વારા **પ્રમાણપત્ર તથા ટ્રોફી એનાયત** કરવામાં આવી.

- તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં ગુજરાત દિવ્ય જીવન સંઘના યજમાનપદે પ.પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજિત 'યુવા વિકાસ પ્રવૃત્તિઓ' વિષયક રાજ્ય સ્તરીય કાર્યક્રમ તથા સ્પર્ધાઓમાં ડૉ. પિંકેશકુમારી ગર્ગના નેતૃત્ત્વ હેઠળ SEM-II તથા VIની વિદ્યાર્થિનીઓ સહભાગી થઈ.

  જેમાં રાજ્યકક્ષાની...
  - ચિત્ર સ્પર્ધામાં B.A. SEM-VIની વિદ્યાર્થિનીઓ – આરઝૂ પઠાણ તથા મારિયા મોરિસવાલાએ ભાગ લીધો.
  - શીઘ્ર વક્તૃત્ત્વ સ્પર્ધામાં B.A. SEM-VIની વિદ્યાર્થિનીઓ – હનાન કાગઝી તથા તનુજા ગોધિયાએ ભાગ લીધો.
- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદ સ્થિત શિવાનંદ આશ્રમના યજમાનપદે યુવા વિકાસ પ્રવૃત્તિના નેજા હેઠળ આયોજિત રાજ્યકક્ષાની વક્તૃત્ત્વ તેમજ નિબંધ સ્પર્ધામાં તનુજા ગોધિયા (B.A. SEM-II)એ ભાગ લીધો.
- તા. ૧૯-૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં H. L. College of Commerceના યજમાનપદે આયોજિત Art Carnival-2016 અંતર્ગત...
  - **સલાડ ડેકોરેશન સ્પર્ધામાં મુબ્બસરા વીજાપૂરવાલા** (B.A. SEM-VI) **દ્વિતીય સ્થાને** વિજેતા બનતા, **ગીફટ** તથા **ટ્રોફી એનાયત** થયાં.
  - ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધામાં મોહિની ઠાકોરે (B.Com. SEM-VI) ભાગ લીધો.
  - રંગોલી સ્પર્ધામાં ધરતી સોની (B.A. SEM-VI)એ ભાગ લીધો.
  - કાર્ડ મેકિંગ સ્પર્ધામાં જૈનબ વલી (B.A. SEM-VI)એ ભાગ લીધો.
- તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ B.A. SEM-IIની વિદ્યાર્થિનીઓએ ડૉ. પિંકેશકુમારી ગર્ગની નિશ્રામાં, ગાંધીનગરમાં Shree Jairambhai Patel Institute of Business Management (NICM)ના યજમાનપદે આયોજિત National Mangement Events : 'AROHAN-2016' અંતર્ગતની રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં...
  - Business Plan Competitionમાં તનુજા ગોધિયા, અરવા બુટવાલા, ફરમીના શેખે ભાગ લીધો.
  - Debate Competitionમાં તનુજા ગોધિયા અને અરવા બુટવાલાએ ભાગ લીધો.
  - Extempore Competitionમાં તનુજા ગોધિયાએ ભાગ લીધો.
  - Rangoli Competitionમાં અરવા બુટવાલા અને ફરમીના શેખે ભાગ લીધો.

- તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં S. V. Arts College દ્વારા આયોજિત વક્તૃત્ત્વ સ્પર્ધામાં ભક્તિ જોશી (B.A. SEM-II)એ ભાગ લીધો.

★ વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં. જેમ કે,

| **Day** | **ડ્રેસિંગ** | **ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ** |
|---|---|---|
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓ |
| Leadership Day | લાલ-કેસરી-ગુલાબી વસ્ત્રો પરિધાન | નેતૃત્ત્વને લગતી પ્રવૃત્તિઓ |
| Friendship Day (Signature Day) | એકસરખા વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ મિત્રતાની પ્રવૃત્તિઓ |
| Traditional Day | સાડી, પ્રાદેશિક વસ્ત્રો પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઓ |

- તા. ૨૨ માર્ચ, ૨૦૧૬ના રોજ **ત્રિવિધ કાર્યક્રમ – અભિવ્યક્તિ : ૨૦૧૬, ઈનામ વિતરણ, ટી.વાય. – શુભેચ્છાનું** આયોજન કરવામાં આવ્યું.

### અભિવ્યક્તિ : ૨૦૧૬

વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ Solo Dance, Group Dance, Skit, વગેરે રજૂ કર્યા.

### ઈનામ વિતરણ :

શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને બિરદાવવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્મંત્રી, ગુ.સ્ત્રી.કે. મંડળ), શ્રી ચતુરભાઈ પટેલ (નિયામકશ્રી, ગુ.સ્ત્રી કે.મંડળ), શ્રી સોમાભાઈ પટેલ (સહનિયામકશ્રી, ગુ.સ્ત્રી કે.મંડળ) ઉપસ્થિત રહ્યાં. મહેમાનો, આચાર્યશ્રી તેમજ અધ્યાપકોના શુભહસ્તે શૈક્ષણિક, સાંસ્કૃતિક, એન.સી.સી., રમતગમત ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને મેડલ, ટ્રોફી તથા ઈનામ આપી, સન્માન કરવામાં આવ્યું.

**ટી.વાય. – શુભેચ્છા :**

કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ કૉમર્સની તમામ વિદ્યાર્થિનીઓને પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "સમયને સરી જતા વાર નથી લાગતી. ત્રણ વર્ષના આપના કૉલેજના સમયગાળા દરમિયાન આપણે શિસ્ત અને સહકારના સહિયારા પ્રયત્નથી અનેકવિધ શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃત્તિઓ કરી. શિસ્ત, સહકાર દ્વારા વ્યક્તિ પોતાના લક્ષ્યોને હાંસલ કરી, ખુશી અનુભવતો હોય છે. સારા વિચારો વ્યક્તિત્વને ઘડે છે. The happiness of life depends upon the quality of thoughts. સમગ્ર એસ.એલ.યુ. પરિવાર વતીથી આપ સૌને પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત થાઓ તેમજ જીવનના દરેક તબક્કે હંમેશા ખુશ રહો તેવી શુભેચ્છા પાઠવું છું.

"All the best for your future."

## ● વિભાગીય પ્રવૃત્તિ :

વર્ષ દરમિયાન પ્રત્યેક વિભાગમાં તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમજ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે.

### ★ કોમર્સ વિભાગ :

- તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ પ્રા. ભરત પટેલની નિશ્રામાં SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે ICFAIના નેજા હેઠળ 'Career Counseling' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Shri Amar Vyasએ વિદ્યાર્થિનીઓને માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ જાણકારી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત :**

તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ Ganpat University (S. G. Highway)ના Industry interface centreની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન Soft Skill & Professional Education વિષયક વ્યાખ્યાનો દ્વારા માહિતી મેળવી.

### ❑ ડૉ. જશવંત ઠક્કર :

- ગુજરાત યુનિવર્સિટીમાં Legal Cellના કન્વીનર તરીકે નિયુક્ત
- ગુજરાત યુનિવર્સિટીમાં સિન્ડીકેટ સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીની મહત્ત્વની વિવિધ કમિટિમાં સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે કાર્યરત

## ❑ પ્રા. ભરત પટેલ :

- તા. ૧૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં KCG (Knowledge Consortium of Gujarat) તથા Gujarat Arts & Commerce College (Evening)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'NAAC Awareness for Non-Accredited Colleges / Institutions and up-gradation of Accredited Colleges through Quality Enhancement' વિષયક Seminarમાં સહભાગી થયાં.
- તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં 'H. L. Institute of Commerce & Gujarat University Area Accountancy Teachers' Association (GUAATA)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Navigating through IFRS & Company Law Amendments વિષયક State Level Seminarમાં સહભાગી થયાં.
- તા. ૮-૯ એપ્રિલ, ૨૦૧૬ દરમિયાન Silvassa (Gujarat)માં International Society for Applied Commerce Reseach & Development Wing, Ahmedabad દ્વારા આયોજિત 'Trans Disciplinary Research in Social Sciences & Humanities વિષયક 4th International Conferenceમાં E-Commerce in Emerging Market Economy – Special Reference to Developing Economies (Joint) વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૯ ફેબ્રુઆરી – ૫ માર્ચ, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં KCG દ્વારા આયોજિત Faculty Development Programme (FDP)માં સહભાગી થયાં.
- તા. ૨૪ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં Indian Accounting Association – Gujarat Branch તથા Gujarat Universityના S.D. School of Commerceના સંયુક્ત ઉપક્રમે આયોજિત Contemporary Issues in Accounting & Taxation વિષયક National Seminarમાં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટીની F.Y.B.Com. તથા S.Y.B.Com. પરીક્ષાના સેન્ટ્રલ એસેસમેન્ટના Assistant Co-ordinator તરીકે નિયુક્ત થતાં સક્રિયપણે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની B.Com. SEM-V & VI પરીક્ષાના સેન્ટ્રલ એસેસમેન્ટના Co-ordinator / Assistant Co-ordinator તરીકે નિયુક્ત થતાં સક્રિયપણે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિય રીતે કાર્યરત.

**પ્રકાશન :**

Paper : E-Commerce in Emerging Market Economy. Special Reference to Developing Economies' (Joint) published in Commerce Window – An International Peer Reviewed Bi – Annual Journal (ISSN – 2348 – 6996), Issue : 3, Volume : 1, July-December 2015

❑ **પ્રા. શીતલ રાઠોડ :**

તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૬થી કૉલેજના કૉમર્સ વિભાગમાં અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થઈ.

★ **અર્થશાસ્ત્ર વિભાગ :**

- તા. ૨૭ જુલાઈ – ૧ ઑગસ્ટ, ૨૦૧૫ દરમિયાન અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, અમદાવાદ તથા અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે 'યુવા સહકારી શિક્ષણ અને તાલીમ અંતર્ગત સહકારના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. 'સહકાર' વિષયના નિષ્ણાતો Shri Darshan Bhatt, Shri Pravin Patelના વ્યાખ્યાન દ્વારા SEM-I, III, V ની તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ માહિતી મેળવી.

**સેમિનાર :**

- તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વિભાગીય અધ્યાપકોની નિશ્રામાં SEM-I, III તથા V ની વિદ્યાર્થિનીઓ માટે 'આર્થિક વિકાસના સામાજિક પાસાં' (ભારતના પરિપ્રેક્ષ્યમાં) વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિષય સંબંધિત વિવિધ પાસાંઓને કેન્દ્રમાં રાખી, પોતાની રસરૂચિ અનુસાર વિચારો રજૂ કર્યા. જેમાં...

**પ્રથમ** : **અવની દવે** (SEM-V)
'ફૂગાવા વિરોધી નીતિ'

**દ્વિતીય** : **ભક્તિ જોષી** (SEM-I)
'રોજગારી સર્જન'

**તૃતીય** : **દિપીકા પરમાર** (SEM-I)
'ગરીબી નિવારણ'

**...સ્થાને વિજેતા** બન્યાં.

## ❑ પ્રિ. ડૉ. સિરાલી મહેતા :

- તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત L. D. Engineering College દ્વારા Women's Day Celebrations અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં 'Women Empowerment through Careers' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ GLS College Campusમાં આયોજિત Inter College Elocution Competitionમાં નિર્ણાયક તરીકે કામગીરી કરી.
- તા. ૪ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અમદાવાદ સ્થિત કચ્છી ભવન (પાલડી) દ્વારા આયોજિત કાર્યક્રમમાં 'Vocations in the Arts Stream' વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સની એજ્યુકેશન કમિટીના સભ્ય તરીકે કાર્યરત્.
- વિશ્વ ગુજરાતી સમાજ, આંતરરાષ્ટ્રીય મહિલા વિંગ (VGS-IWW)ની સલાહકાર સમિતિના સભ્ય તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કામગીરી...
  - વિવિધ પરીક્ષાઓ સંબંધિત હોદ્દેદાર તરીકે
  - ગુજરાત યુનિવર્સિટીની વિવિધ સ્થાનિક તપાસ સમિતિના સભ્ય તરીકે
  - ગુજરાત યુનિવર્સિટીની રમતગમત સમિતિ તથા સાંસ્કૃતિક સમિતિના સભ્ય તરીકે

## ❑ ડૉ. એમ. એમ. કોઠારિયા :

- તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં Gujarat University Economics Teachers Association, Ahmedabad તથા Department of Rural Economics – Mahadev Desai Samajseva Mahavidyalay – Gujarat Vidyapithના સંયુક્ત ઉપક્રમે આયોજિત Towards New Dimensions of Research વિષયક 15th State Level Annual Conferenceમાં સહભાગી થયાં.
- તા. ૧૯-૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન પાટણ (ગુજરાત) સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના Department of M.Philના યજમાનપદે Gujarat Economic Associationના નેજા હેઠળ આયોજિત 46th Annual Conferenceમાં Entrepreneurship Consumer behaviour and local issuess વિશે પેપર રજૂ કર્યું.

## ❑ પ્રા. કેતન મહેતા :

- તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૬થી કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક સહાયક તરીકે નિમણુંક થઈ.

## ★ હોમસાયન્સ વિભાગ :

આ વિભાગ દ્વારા તમામ પ્રવૃત્તિઓ **ભૂતપૂર્વ અધ્યક્ષા સ્વ.શ્રી ગીતાબહેન દીક્ષિતની સ્મૃતિમાં** કરવામાં આવે છે.

**શૈક્ષણિક મુલાકાત :**

તા. ૧૬ જૂન, ૨૦૧૫ના રોજ ડૉ. જૂઈ શાહના નેતૃત્ત્વ હેઠળ SEM-Vની વિદ્યાર્થિનીઓએ 'ફૂડ પ્રિઝર્વેશન' અંતર્ગત અમદાવાદ સ્થિત અસલ ટ્રેનિંગ સેન્ટર (પાલડી, અમદાવાદ)ની શૈક્ષણિક મુલાકાત લઈ, જામ, જેલી, સૂકવણી, કેચપ, અથાણાં વગેરેના અનુસંધાનમાં વિષયોચિત જાણકારી મેળવી.

**Presentation Competition :**

તા. ૨૮ માર્ચ, ૨૦૧૬ના રોજ SEM-Vની વિદ્યાર્થિનીઓ માટે ડૉ. જૂઈ શાહની નિશ્રામાં 'Diet Therapy' વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં PPT દ્વારા વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. જેમાં...

**ક્રિષ્ના વાળંદે પ્રથમ સ્થાન, ઉઝમા ખલીફાએ દ્વિતીય સ્થાન, ધારા મહેતાએ તૃતીય સ્થાન** પ્રાપ્ત કર્યું. **નસરીન મેમણને આશ્વાસન** ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી.

**ડેમોન્સ્ટ્રેશન :**

- તા. ૧૬ મે, ૨૦૧૫ના રોજ ડૉ. જૂઈ શાહની નિશ્રામાં SEM-IVની વિદ્યાર્થિનીઓએ 'આર્ટ ઍન્ડ ક્રાફટ' અંતર્ગત શ્રી રાજુભાઈ બારોટ (આર્ટિસ્ટ, ઓઢવ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ ડેમોન્સ્ટ્રેશન દ્વારા વિષયોચિત જાણકારી મેળવી.
- તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં SEM-VIની વિદ્યાર્થિનીઓએ 'Designwear' અંતર્ગત શ્રી રાજેશ પટેલ (ડિઝાઈનર, સીમા બુટીક, બોડકદેવ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ ડેમોન્સ્ટ્રેશન દ્વારા કૂર્તી તથા બ્લાઉઝની ડિઝાઈન સંબંધિત જાણકારી મેળવી.

**Workshop :**

- તા. ૧-૭ જુલાઈ, ૨૦૧૫ દરમિયાન ડૉ. જૂઈ શાહની નિશ્રામાં SEM-Vની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં પાલડી વિસ્તારમાં ગુજરાત સરકારની બાગાયત નિયામક કચેરીના નેજા હેઠળના ફૂડ પ્રિઝર્વેશન સેન્ટર દ્વારા આયોજિત 'ફૂડ પ્રિઝર્વેશન' વિષયક workshopમાં સહભાગી થઈ.

આ workshop દ્વારા વિદ્યાર્થિનીઓએ જામ, જેલી અને નેક્ટર બનાવવાની તાલીમ લીધી.

- પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં અને શ્રી મંજુ ગાયેન્કા (આર્ટિસ્ટ, નેચરલ હોબી ક્લાસ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ SEM-IVની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક workshopમાં ભાગ લીધો. જેમાં...
  - તા. ૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ફેબ્રીક પેઇન્ટિંગ અને કેન્ડલ મેકિંગ વિશે.
  - તા. ૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ગ્લાસ પેઇન્ટિંગ વિશે જાણકારી મેળવી, સ્વ-અનુભવ લીધો.
- તા. ૨ એપ્રિલ, ૨૦૧૬ના રોજ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમને અનુલક્ષીને 'Personal Empowerment' અંતર્ગત workshopનું આયોજન કરવામાં આવ્યું. શ્રી સોનલ પટેલ (બ્યુટીશીયન)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ફેશિયલ, હેર મસાજ, વેક્સીંગ વગેરે વિશે સ્વ-અનુભવ દ્વારા માહિતી મેળવી.

**સેમિનાર / કાર્યક્રમ / Symposium :**

તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ પ્રા. નયના પ્રજાપતિના નેતૃત્ત્વ હેઠળ તથા ડૉ. જૂઈ શાહની નિશ્રામાં અમદાવાદ સ્થિત AMAમાં Saffolaના સહયોગથી ડાયાકેર હૉસ્પિટલ દ્વારા આયોજિત 'Whole Grain and Metabolic Syndrome – CNE' વિષયક સેમિનારમાં સહભાગી થઈ.

આ સેમિનાર અંતર્ગત 'Whole Grain' વિષયક Symposiumની Panel Discussionમાં ડૉ. જૂઈ શાહે as a pannelist 'Role of whole grain in life style modification and disease' વિશે રજૂઆત કરી.

**સ્પર્ધાઓ :**

- તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ બરોડામાં PFNDAI (Protein Foods and Nutrition Development Association of India) દ્વારા Department of Foods & Nutrition, The Maharaja Sayajirao Universityના સહયોગથી આયોજિત 'Nutrition Awareness 2016' અંતર્ગત Intercollegiate Food & Nutrition Competitionમાં ડૉ. જૂઈ શાહના નેતૃત્ત્વ હેઠળ વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં...

**➠ વાનગી સ્પર્ધા (સોયાનો ઉપયોગ)માં**

**પ્રથમ** : **અરવા બુટવાલા** (SEM-II)

**દ્વિતીય** : **ફૈઝા કાગઝી** (SEM-VI)

**...સ્થાને વિજેતા** બન્યાં.

➡ **ડિબેટ સ્પર્ધા (સોયા મિલ્ક પ્રોટીન અને મિલ્ક પ્રોટીન)માં**

**દ્વિતીય : તનુજા ગોધિયા** (SEM-II)

**હનાન કાગઝી** (SEM-VI)

**...સ્થાને વિજેતા** બન્યાં.

ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા (પોષણયુક્ત આહારની પસંદગી)માં આરઝૂ પઠાણે (SEM-VI) ભાગ લીધો.

- તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ National Nutrition Weekના અનુસંધાનમાં ડૉ. જૂઈ શાહની નિશ્રામાં Saffola તથા Marico India Company, Ahmedabadના નેજા હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. SEM-I, III, Vની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

જેમાં...

➡ **Article Writing Competition (Whole Grain – આખું અનાજ)માં**

**પ્રથમ : હનાન કાગઝી** (SEM-V)

**દ્વિતીય : ઉઝમા ખલીફા** (SEM-V)

**તૃતીય : ફૈઝા કાગઝી** (SEM-V)

**રહેનુમા વોરા** (SEM-III)

**ચતુર્થ : ધારા મહેતા** (SEM-V)

**...સ્થાને વિજેતા** બન્યાં.

➡ **Oats Recipe Competition ('ઓટ'ને લગતી વાનગી)માં**

**પ્રથમ : ફૈઝા કાગઝી (ઓટ્સ ખીર)** (SEM-V)

**દ્વિતીય : અરવા બુટવાલા (ઓટ્સ લુલીઝ** (SEM-I)

**તૃતીય : ઉઝમા ખલીફા (ઓટ્સ ટીકી)** (SEM-V)

**ચતુર્થ : નિધિ શેઠવાલા** (SEM-I)

**પંચમ : ક્રિષ્ના વાણંદ** (SEM-V)

**...સ્થાને વિજેતા** બન્યાં.

– **Debate Competition (Single seed Oil V/s Multi seed oil)** બે ગ્રુપમાં કરવામાં આવી. જેમાં SEM-Vની વિદ્યાર્થિનીઓ – **હનાન કાગઝી, ફૈઝા કાગઝી, ઉઝમા ખલીફા તથા અભીતી પટેલનું ગ્રુપ વિજેતા** બન્યું.

## ❑ ડૉ. જૂઈ શાહ :

- બરોડા સ્થિત M. S. Universityના
  - બોર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)
  - ડિપાર્ટમેન્ટ ઑફ હોમસાયન્સ એક્ષટેન્શન અને કૉમ્યુનિકેશન
  - ફેકલ્ટી ઑફ ફેમિલી અને કોમ્યુનિટી સાયન્સ

  ...માં વિષય-નિષ્ણાંત સભ્ય તરીકે કાર્યરત
- ભારત સરકારના મહિલા અને બાળવિકાસના નેજા હેઠળના Food and Nutrition Board દ્વારા Radio તથા TV Channels (દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ) દ્વારા પ્રસારિત 'Malnutrition' તથા 'Diet Counseling' વિષયક જાગૃતિ કાર્યક્રમ માટેના Script translater તેમજ Subject Expert તરીકે કાર્યરત્.

– ગુજરાત યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં Ph.D. (હોમસાયન્સ) ગાઈડ તરીકે કાર્યરત્.

– રાય યુનિવર્સિટીમાં Ph.D. (હોમસાયન્સ) ગાઈડ તરીકે નિયુક્તિ સાથે કાર્યરત્.

– ગુજરાત યુનિવર્સિટીની એમ.ફિલ., પીએચ.ડી. પ્રવેશ (હોમસાયન્સ) કાર્યવાહી સમિતિના સભ્ય તરીકે કાર્યરત્.

– વિવિધ યુનિવર્સિટીમાં વિષય નિષ્ણાંત (હોમસાયન્સ) તરીકે શિક્ષણ તથા પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત્.

**પ્રકાશન :**

**Papers :**

- 'A Study about an Assessment of Health Status of School – going Children of Mehsana City.' (Joint) Published in Educational Bridge –Multi Disciplinary (ISSN-2348-1692), International Journal of Multi Disciplinary, Vol. 2, Issue-5, Sep.-Oct. 2015, Page-24-29.
- 'A Study about an Assessment of Health Status of School – going Children and Knowledge Level of Mothers of Mehsana Taluka, Gujarat, India (Joint) published in Women's Health & Safety – Indian Journal of Technical Education (IJTE) – Special Issue for ICWSTCSC-2016 (ISSN-0971-3034) Page-115-121.

**Abstracts :**

International Conference Women in Science and Technology : Creating Sustainable Career (ICWSTCSC-2016)ના નેજા હેઠળ RIA Publishing house, Vallabh Vidyanagar (Dist. Anand, Gujarat-India) દ્વારા પ્રકાશિત.

(ISBN : 978-93-84339-11-1)

**Abstract Books :**

જેમાં...

- 'The Women Entrepreneures in India : A Swot Analysis in Women and Entrepreneurship. Page-40.
- 'Task Performance and Problems Faced by Anganwadi Workers of Ahmedabad city' (Joint) in Professional Women : Achievements & Concerns. Page-91.
- 'A Study about an Assessment of Health Status of School – going Children and Knowledge Level of Mothers of Mehsana Taluka, Gujarat, India (Joint) in Women's Health & Safety. Page-110.

### ❑ ડૉ. પિંકેશકુમારી ગર્ગ :

તા. ૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદ સ્થિત M. G. Science Instituteના યજમાનપદે આયોજિત Current Trends in Biological Sciences વિષયક International Seminarમાં સહભાગી થયાં.

### ❑ પ્રા. નયના પ્રજાપતિ :

તા. ૧૨-૧૭ ઑક્ટોબર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં KCG (Knowledge Consortium of Gujarat, Department of Education, Government of Gujarat) દ્વારા આયોજિત Faculty Development Programmeમાં સહભાગી થયાં.

## ★ ગુજરાતી વિભાગ :

- તા ૨૩-૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદ સ્થિત એચ. કે. આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત 'નર્મદથી મેઘાણી' વિષયક પરિસંવાદમાં SEM-Vની વિદ્યાર્થીનીઓ – ગુલનાઝ બારેજીયા, ફરહીન શેખ, સોફીયા મલેક, ક્રિષ્ના પ્રજાપતિ, પ્રિયંકા ચાવડા, ભાવિષા ચુડાસમા – સહભાગી થયાં.
- તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્ત્વ હેઠળ અમદાવાદ સ્થિત એમ. જે. લાયબ્રેરીની શૈક્ષણિક મુલાકાત લીધી. વિદ્યાર્થિનીઓએ ડૉ. લત્તા પંડ્યા (ગ્રંથપાલ, મહિલા વિભાગ, એમ. જે. લાયબ્રેરી)ના માર્ગદર્શન હેઠળ પુસ્તકાલયના વિવિધ વિભાગો અને તેની ઉપયોગિતા, પુસ્તકાલયમાં સભ્યપદ વિશે માહિતી પ્રાપ્ત કરી. અમદાવાદની ઐતિહાસિક તસ્વીરો નિહાળી, વ્યક્તિગત તેમજ સમાજજીવનમાં પુસ્તકાલયના મહત્ત્વની જાણકારી મેળવી.

- તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અભ્યાસક્રમ આનુષંગિક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વક્તા તરીકે ઉપસ્થિત...
  - શ્રી હરદ્વાર ગોસ્વામી (જાણીતા કવિ, ગઝલકાર, લેખક)એ 'કલાપીના કાવ્યો' (SEM-II, અભ્યાસક્રમ) વિશે વિશે વક્તવ્ય આપ્યું. ગઝલના ઉદ્ભવ-વિકાસ તેમજ કવિ કલાપીની કાવ્યશૈલી વિશે રસપ્રદ માહિતી આપી.
  - શ્રી પ્રીતમ લખલાણી (જાણીતા ગઝલકાર, લેખક)એ 'સત્યના પ્રયોગો' (SEM-VI, અભ્યાસક્રમ) વિશે વક્તવ્ય આપ્યું. ગાંધીજીના જીવનકવનમાંથી પ્રેરણાત્મક પ્રસંગોની છણાવટ કરી, માહિતીપ્રદ રજૂઆત કરી.

  વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં ડૉ. અર્ચના પંડ્યા (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)એ કાર્યક્રમની પશ્ચાદ્ ભૂમિકા આપી. ડૉ. વર્ષા પ્રજાપતિ (અધ્યાપક સહાયક-ગુજરાતી વિભાગ)એ વક્તાઓનો પરિચય કરાવ્યો. પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ સૌને આવકારી ગુજરાતી વિભાગને અભ્યાસક્રમ આનુસંગિક વ્યાખ્યાનમાળા યોજવા બદલ અભિનંદન આપ્યાં. ડૉ. શૈલજા ધ્રુવે (અધ્યક્ષ, આટ્ર્સ વિભાગ) ગુજરાતના જાણીતા ગઝલકાર, કવિ, લેખકોને આમંત્રિત કરી, વિદ્યાર્થિનીઓ સાથે સાક્ષાત્કાર કરાવીને અભ્યાસાનુષંગિક વક્તવ્યો યોજવાના કાર્યક્રમને બિરદાવી, શુભેચ્છા પાઠવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિએ કર્યું.

  બન્ને વક્તવ્યો બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ વિશેષ માહિતી મેળવી. તદ્ઉપરાંત બન્ને વક્તાઓના સ્વરચિત ગઝલ-ગીતોને માણીને આનંદની લાગણી અનુભવી.

- તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્ત્વ હેઠળ અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન ગાંધીજીના જીવન તેમજ કાર્યોનો પરિચય મેળવ્યો.

- **માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી :**

  તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી. વિભાગીય અધ્યાપકો, વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર સક્રિય ભૂમિકા ભજવી.

  **➡ 'પ્રતિબિંબ' – ભીંતપત્ર :**

  પ્રતિ વર્ષની જેમ સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ માતૃભાષા ગુજરાતીને લક્ષમાં રાખી, તેના વિવિધ પાસાંને આનુસંગિક માહિતી એકત્રીત કરી 'પ્રતિબિંબ'માં રજૂ કરી.

  માતૃભાષા ગૌરવ દિનના અનુસંધાનમાં સવિશેષ માહિતી રજૂ કરી, કૉલેજ કેમ્પસને માતૃભાષાના વૈચારિક આદાન-પ્રદાનથી રસપ્રદ બનાવ્યું.

### ➠ વક્તૃત્ત્વ સ્પર્ધા :

'માતૃભાષા-ગુજરાતી' શીર્ષક હેઠળ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

**પ્રારંભ :**

પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. નરવતસિંહ ડામોરે સ્પર્ધાના પ્રારંભમાં સૌને માતૃભાષા ગૌરવદિનની શુભેચ્છાઓ પાઠવી.

– પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ શુભેચ્છાઓ સહ 'પ્રતિબિંબ' તથા વક્તૃત્ત્વ સ્પર્ધાના આયોજન માટે અભિનંદન આપ્યાં. તેમણે જણાવ્યું કે, "મહિલાઓ અને માતૃભાષા વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે. બાળકના જન્મ-ઉછેરમાં માતૃભાષા કડીરૂપ ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થિનીઓ માતૃભાષાને જાળવવા ઉત્સાહ દર્શાવી, ભવિષ્યના સમાજ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે તેનો મને આનંદ છે."

– ડૉ. શૈલજા ધ્રુવે (અધ્યક્ષ, આર્ટ્સ વિભાગ) શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, "ભાષા તેમાંય માતૃભાષા દ્વારા વ્યક્તિ પોતાના આનંદ, મૂંઝવણ, સમસ્યાઓને મુક્ત રીતે રજૂ કરી શકે છે. વ્યક્તિત્વ ઘડતરમાં માતૃભાષા ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે."

– પ્રા. નરવતસિંહ ડામોરે (કન્વીનર, સપ્તધારા) શુભેચ્છા પાઠવી, પ્રવર્તમાન સમયમાં અન્ય ભાષાઓના આક્રમણ સામે માતૃભાષાના જતન પર ભાર મૂકી જણાવ્યું કે, "માતૃભાષા ગૌરવ દિનની ઉજવણીમાં નવી પેઢી, ઉત્સાહથી ભાગ લે છે તે આનંદની વાત છે." તેમણે 'માતૃભાષા બચાવ' અભિયાનમાં વિદ્યાર્થિનીઓની કામગીરીને બિરદાવી.

**માતૃભાષા – ગુજરાતી – વક્તૃત્ત્વ સ્પર્ધા :**

સ્પર્ધાના પ્રારંભમાં ડૉ. અર્ચના પંડ્યાએ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) માતૃભાષા ગુજરાતીના ઉદ્‌ભવથી બદલાતી તરાહ વિશે ટૂંક માહિતી આપી, સ્પર્ધાના નિર્ણાયકથી ડૉ. નિશા જોશી (અધ્યક્ષ હિન્દી વિભાગ)ને આવકાર્યા. સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી. ડૉ. વર્ષા પ્રજાપતિ (અધ્યાપક સહાયક, ગુજરાતી વિભાગ)એ સ્પર્ધાના નિયમો જણાવી, સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા.

આ સ્પર્ધામાં...

**પ્રથમ** : **ધારા ચંદેલા** (SEM-II)

**દ્વિતીય** : **જિજ્ઞા પરમાર** (SEM-IV)

**તૃતીય** : **પાયલ પરમાર** (SEM-VI)

**...સ્થાને વિજેતા** બન્યાં.

ડૉ. નિશા જોશીએ સૌ સ્પર્ધકો તથા વિજેતાઓને અભિનંદન આપી, પ્રોત્સાહક માહિતી આપી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

- તા. ૧૧ માર્ચ, ૨૦૧૬ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે 'શિક્ષણ અને કારકિર્દી' વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિભાગીય ભૂતપૂર્વ વિદ્યાર્થિની રશ્મિકા પરમાર દ્વારા વિદ્યાર્થિનીઓને સ્વાનુભવને આધારે માહિતી આપવામાં આવી. જેમાં અનુસ્નાતક કક્ષાએ, બી.ઍડ. તેમજ જાહેર પરીક્ષાઓમાં સફળ થવા કેવી તૈયારી કરવી જોઈએ તે અંગેની જાણકારી આપવામાં આવી.

## ❑ ડૉ. અર્ચના પંડ્યા :

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

➠ Department of Higher Education, Gujarat State દ્વારા KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ પ્રસારિત E-Journal of Humanities (ISSN : 2279-0233)માં...

– 'સ્વજનમાં 'સ્વ'ને પામવાનો પુરુષાર્થ એટલે બોરસલ્લીની પાનખર' લેખ (નવેમ્બર-૨૦૧૫ – જાન્યુઆરી-૨૦૧૫)

– 'છોળ અને છાલકની એક છાલક આપણા ભણી' લેખ (ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૧૫)

...માં પ્રકાશિત / પ્રસારિત થયાં.

➠ Sahityasetu E-Journal (ISSN-2249-2372)માં...

– સુન્દરમ્‌ની બાલકવિતામાં બાળ કેળવણી (Year-5, Issue-3, Con. Issus-27, May-June-2015)

– આગવા અસ્તિત્ત્વની ઓળખ આપતા કાવ્ય – 'ઉપદેશ' (September-October-2015)

– 'સમાજનો સેતુ બનતી હું મજાની ખિસકોલી' (November-December-2015)

– 'સહનશીલ એવી બે આંખની શરમ' (January-February-2016)

– 'કર્ણલોક'ની કથા (March-April-2016)

...માં પ્રકાશિત / પ્રસારિત થયાં.

➠ "ગરવું રૂપ, વરવી છાયા નવલકથામાં આદિવાસી સમાજ"; આદિલોક – આદિવાસી અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક (ISSN-2250-1517) વર્ષ-8, અંક-૨ સળંગ અંક-૪૯, માર્ચ-એપ્રિલ-૨૦૧૬, પાના નં. 14-15.

...માં પ્રકાશિત લેખ.

## ❑ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિ :

- તા. ૧૯ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત 'ભારતીય કથાસાહિત્યમાં ગ્રામ-ચેતના' વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં સહભાગી થયાં.

  જેમાં...

  – ડૉ. અર્ચના પંડ્યાએ 'અજવાળે રાત અમાસની – પન્નાલાલ પટેલની નવલકથા' વિશે,

  – ડૉ. વર્ષા પ્રજાપતિએ "ભળ ભાંખળું : સામાજિક પરિવર્તનનું પ્રયાણ" (લેખક – દલપત ચૌહાણ રચિત નવલકથા કૃતિ) વિશે.

  ...પેપર રજૂ કર્યું.

- તા. ૨૨ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં St. Xavier's College (Autonomous) Ahmedabad દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Tribal Literature : Achievements and Challenges વિષયક State Level Seminarમાં સહભાગી થયાં.

  જેમાં...

  – ડૉ. અર્ચના પંડ્યાએ 'ગરવું રૂપ વરવી છાયા'માં આદિવાસી સમાજ' વિશે

  – ડૉ. વર્ષા પ્રજાપતિએ 'તત્ત્વમસિ : આદિવાસી લોકચિત્ર' વિશે

  ...પેપર રજૂ કર્યું.

- તા. ૨૦-૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના યજમાનપદે ગુજરાતીનો અધ્યાપક સંઘના નેજા હેઠળ આયોજિત ૬૫મા અધિવેશનમાં સહભાગી થયાં.

  જેમાં...

  – ડૉ. વર્ષા પ્રજાપતિએ 'અર્ધ્ય'ની બેઠકમાં 'કાવ્યવ્યાસંગ' (ગુણવંત વ્યાસકૃત કાવ્યવિવેચન પુસ્તક) વિશે વ્યાખ્યાન આપ્યું.

- તા. ૪-૧૧ માર્ચ, ૨૦૧૬ દરમિયાન KCG (Knowledge Consortium of Gujarat) દ્વારા આયોજિત 'Research Methodology' (Gujarati) વિષયક Xth Short Term Courseમાં સહભાગી થયાં.

## ❑ ડૉ. વર્ષા પ્રજાપતિ :

**પ્રકાશન :**

**પુસ્તકમાં પેપર / આર્ટિકલ :**

– 'અનન્યા ચરિત્રપ્રધાન નાટક' (ચીનુ મોદી કૃત) Shabdamrut (શબ્દાંમૃત) – International Journal, (ISBN-2350-1197) અંક-૪, વર્ષ-૧, પાના નં.-૩૪-૪૩

April-May-June-2016માં પ્રકાશિત પેપર.

**પેપર/આર્ટિકલ :**

- ‘ભળભાંખળુ – સામાજિક પરિવર્તનનું પ્રયાણ’ (લેખક-દલપત ચૌહાણ રચિત નવલકથા કૃતિ) (ISSN : 2278-4640) તાદર્થ્ય; અંક- ૭, ડિસેમ્બર-૨૦૧૫, પાના નં.૪૨-૫૦ પ્રકાશિત પેપર.
- ‘અમે, અહીંથી નહીં જઈએ’ – સમસ્યાપ્રધાન નાટક; Department of Higher Education, Gujarat State દ્વારા KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ પ્રસારિત E-Journal of Humanities (ISSN : 2279-0233)ના August-September-2015માં પ્રકાશિત / પ્રસારિત લેખ.
- ‘રમેશ પારેખના બાળકાવ્યોનો કલરવ’ Sahityasetu E-Journal (ISSN-2249-2372)ના November-December-2015માં પ્રકાશિત / પ્રસારિત પેપર.

★ **हिन्दी विभाग :**

**हिन्दी दिवस ( १४ सितंबर, २०१५ )**

प्रति वर्ष की तरह इस साल भी हिन्दी दिवस के उपलक्ष्य में आयोजित कार्यक्रमों में छात्राओं ने हिस्सा लिया ।

➠ **रेली :**

ता. १४ सितंबर, २०१५ को हिन्दी दिवस के उपलक्ष्य में राष्ट्रभाषा कॉलेज से गुजरात विद्यापीठ तक प्रति वर्ष आयोजित भव्य रेली के अन्तर्गत इस वर्ष की रेली में डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल के नेतृत्त्व में छात्राओं ने अति उत्साह से भाग लिया ।

➠ **काव्य पठन :**

ता. १६ सितंबर, २०१५ को हिन्दी दिवस के उपलक्ष्य में काव्यपठन का आयोजन किया गया। विभागीय अध्यापकों की निश्रा में SEM-I, III तथा V की छात्राओं ने हिन्दी के नामांकित कविओं की रचनाओं का पठन किया ।

➠ **चर्चा :**

ता. २९ सितंबर, २०१५ को ‘राष्ट्रभाषा हिन्दी’ शीर्षक के तहत आयोजित चर्चामें SEM-I, III तथा V की छात्राओंने उत्साह के साथ भाग लिया । डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल ने भी अपने विचार व्यक्त किये ।

❑ **डॉ. निशा जोशी :**

- ता. २७–२८ नवम्बर, २०१५ दरमियान कल्याण (महाराष्ट्र) स्थित बिड़ला कला, विज्ञान एवं वाणिज्य महाविद्यालय एवं विश्वविद्यालय अनुदान आयोग और हिन्दुस्तानी प्रचार सभा, मुंबई के

संयुक्त तत्त्वावधान में आयोजित हिन्दी का वैश्विक संदर्भ विषयक अंतरराष्ट्रीय परिसंवाद में 'लोककथा में लोकतत्त्व मोरीशस के विशेष सन्दर्भ' विषय पर प्रपत्र प्रस्तुत किया ।

### ❑ डॉ. निशा जोशी और डॉ. रावजी कोटवाल :

- ता. ४ जुलाई, २०१५ को अहमदाबाद स्थित सरसपूर आर्ट्स कॉलेज द्वारा आयोजित और UGC द्वारा प्रायोजित समकालीन समय में हिन्दी कविता और गज़ल : शक्तियाँ और सीमाएँ विषयक राष्ट्रीय संगोष्ठि में हिस्सा लिया ।

  जिसमें...

  – डॉ. निशा जोशी ने 'समकालीन हिन्दी कविता : वैश्विकरण के संदर्भ में' विषयक प्रपत्र प्रस्तुत किया ।
- ता. २८ मार्च – ३ अप्रिल, २०१६ दरमियान KCG (Knowledge Consortium of Gujarat) द्वारा आयोजित 'Research Methodology' (हिन्दी) विषयक XIth Short Term Course में सहभागी हुए ।

### ❑ डॉ. रावजी कोटवाल :

- ता. २१ मार्च, २०१५ को रांधेजा (तहसील : गांधीनगर) स्थित गूजरात विद्यापीठ के महादेव देसाई ग्रामसेवा महाविद्यालय द्वारा आयोजित विस्थापन और सांस्कृतिक विलोपन विषयक प्रादेशिक संगोष्ठि में सहभागी हुए ।
- ता. १० अप्रिल, २०१६ को गांधीनगर में आदिजाति विकास विभाग – गुजरात सरकार, गांधीनगर तथा अखिल गुजरात कॉलेज और युनिवर्सिटी आदिवासी अध्यापक मंडल, गांधीनगर के संयुक्त रूप से आयोजित 'આદિજાતિ વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા વિકસાવવા અને શૈક્ષણિક યોજનાઓનો પ્રચાર / પ્રસાર અને અસરકારકતા' विषयक राष्ट्रीय संगोष्ठि में 'આદિવાસી વિસ્તારોમાં સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ (ખેડબ્રહ્મા-વિજયનગર) વિશે પેપર રજૂ કર્યું.
- हिन्दी विभाग, गूजरात विद्यापीठ में अनुस्नातक स्तरीय परीक्षा में परीक्षक के रूप में कार्यरत् ।

## ★ Department of English :

**Film Shows :**

– 'Selfish giant' for B.Com. SEM-III students on 2nd September, 2015.

– 'The Blue Umbrella' for B.A. SEM-IV students on 1st March, 2016.

**Guest Lecture :**

Shri Varada Bhatt delivered lectures on 'Stock Market Report' to B.Com. SEM-VI students on 18th February, 25th February and 3rd March 2016.

## Dr. Madhusudan Mukerjee :

- Presented a paper titled 'Affect Nonsense and the classroom' at the National Conforence on Knowledge, Affect, Power : Feminism in Social justice Discourse and Practice; sponsored by the UGC (University Grants Commission and Organized by the Department of English, St. Xavier's College (Autonomous) Ahmedabad, held on 4-5 September, 2015.
- As a Resource person delivered two talks on
  – Media, Language and Literature.
  – Post Modernism
  ... at workshop for English professors organized by KCG (Knowledge Consortium of Gujarat), Ahmedabad on Dated 1st February, 2016.

## ★ ભૂગોળ વિભાગ :

તા. ૯-૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે પ્રા. ઘનશ્યામ અંજારા તથા પ્રા. કેતલ ત્રિવેદીના નેતૃત્ત્વ હેઠળ અભ્યાસક્રમના (Paper-315 : Cartographic II) અનુસંધાનમાં 'રાજસ્થાન' એક ભૌગોલિક સર્વેક્ષણ અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ રાજસ્થાનના અંબાજી, માઉન્ટ આબુ, હલ્દીઘાટી તથા ઉદેપુરની શૈક્ષણિક મુલાકાત લઈને...

- 'અંબાજી'ના દર્શન સહ ગુજરાત-રાજસ્થાનને જોડતી અરાવલ્લીની ટેકરીઓ, તેની રચના તથા ટેકરીઓમાંથી નીકળતા ખડકો વિશે,
- માઉન્ટ આબુના ખડકાળ રસ્તાઓ, પહાડી પ્રદેશોની વસાહતોની રચના, ખેતરોની રચના, ગુરુશિખરની રચના વિશે,
- હલ્દીઘાટીના મહારાણા પ્રતાપ મ્યુઝિયમમાં પ્રદર્શિત યુધ્ધ સમયની ભૌગોલિક રચના, જમીન તથા ખેતીના પ્રકાર વિશે,
- ઉદેપુરમાં સરોવરોની રચના વિશે

...વગેરેની માહિતી પ્રાપ્ત કરી.

## પ્રા. ઘનશ્યામ અંજારા :

- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત્.
- ગુજરાત ભૂગોળ મંડળના સેક્રેટરી તરીકે સક્રિયપણે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી M.A. SEM-III & IVની પરીક્ષાના Chairman તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી B.A. SEM-IIની પરીક્ષાના કૉ-ઑર્ડિનેટર તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિયપણે કાર્યરત્.

★ **ઈતિહાસ વિભાગ :**

તા. ૨૨ જુલાઈ, ૨૦૧૫ના રોજ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટના નેતૃત્ત્વ હેઠળ SEM-I તથા IIIની વિદ્યાર્થિનીઓએ અમદાવાદના પાલડી સ્થિત કર્ણાવતી અતીતની ઝાંખી (અમદાવાદ મ્યુઝિયમ) – મ્યુઝિયમની શૈક્ષણિક મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ અમદાવાદ શહેરના પૌરાણિકથી આધુનિક ઘટનાક્રમને નિહાળ્યું.

❑ **ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ :**

- તા. ૧૮-૨૦ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં All India Federation of University and College Teacher's Organisationsના નેજા હેઠળ GLS Universityના સહયોગથી Gujarat University Area Teacher's Association (GUATA) દ્વારા આયોજિત New Higher Education Policy : Challenges & Prospects વિષયક XXVIII Statutory Conference & National Seminarમાં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટીમાં સેનટ સભ્ય તરીકે નિયુક્ત
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં સક્રિયપણે કાર્યરત્.

❑ **ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ તથા ડૉ. દક્ષિણા શાહ :**

તા. ૯-૧૦ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન હૈદરાબાદમાં આયોજિત ગુજરાત ઇતિહાસ પરિષદના ૨૬મા અધિવેશનમાં સહભાગી થયાં.

જેમાં...

- ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટે 'ગાંધીજીના રચનાત્મક કાર્યો (આશ્રમના સંદર્ભે)' વિશે
- ડૉ. દક્ષિણા શાહે 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં કોચરબ આશ્રમ અને સાબરમતી આશ્રમનું પ્રદાન' વિશે

  ...પેપર રજૂ કર્યું.

★ **માનસશાસ્ત્ર વિભાગ :**

- તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૧૫ના રોજ ડૉ. નીતા પટેલની નિશ્રામાં અમદાવાદ સ્થિત B. M. Institute of Mental Health દ્વારા World Mental Health Dayના અનુસંધાનમાં આયોજિત Awareness Building Campaign on Mental well-being(તા. ૫-૧૦ ઑક્ટોબર, ૨૦૧૫ દરમિયાન આયોજિત)માં વિદ્યાર્થિનીઓ – મોનિકા મકવાણા, કાજલ દેસાઈ, તરુણા કડવતર, આરતી ભીલ, મનિષા ટાંક તથા મોનિકા રાઠોડ સામેલ થયાં.
- તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-II તથા IVના અભ્યાસક્રમ અનુસંધાનમાં 'વ્યક્તિત્ત્વ પાસાનું માપન' અંતર્ગત પ્રયોગાત્મક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી મહેશ પટેલે (સંશોધનકર્તા, મેન્ટલ હેલ્થ સેન્ટર, દિલ્હી દરવાજા, અમદાવાદ) સ્વ-રચિત વ્યક્તિત્ત્વ સંશોધનિકા દ્વારા વિદ્યાર્થિનીઓને માહિતી આપી, વ્યક્તિત્ત્વના પાસાઓને કઈ રીતે માપ થાય તેની સમજ આપવા માટે પ્રત્યેક વિદ્યાર્થિનીઓને વ્યક્તિત્ત્વ સંશોધનિકા આપી, વ્યવહારુ જ્ઞાન આપ્યું.

- તા. ૩ માર્ચ, ૨૦૧૬ના રોજ SEM-IIની વિદ્યાર્થિનીઓએ ડૉ. નીતા પટેલના નેતૃત્ત્વ હેઠળ અમદાવાદ સ્થિત બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થની શૈક્ષણિક મુલાકાત લીધી

## ★ સમાજશાસ્ત્ર વિભાગ :

Samaj Setu...We create Relations અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

### પ્રોજેક્ટ કાર્ય :

- વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સેમેસ્ટર II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ‘દિવ્ય ભાસ્કર’ વર્તમાનપત્રમાં ‘સમુદ્રમંથન’ કૉલમ હેઠળ સામાજિક મુદ્દાઓના અનુસંધાનમાં ડૉ. વિદ્યુત જોષી દ્વારા લિખિત આર્ટિકલનું સંકલન કરી, વિષયોચિત મુદ્દાઓની ચર્ચામાં સક્રિય ભાગ લીધો.
- ડૉ. ચંદ્રિકા રાવલના (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓએ ‘Social Profile of Sociology Students : SLU Arts and H & P Thakore Commerce College for Women’ અંતર્ગત સંશોધન કાર્ય કર્યું.

### ક્ષેત્રકાર્ય :

તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. શૈલજા ધ્રુવ તથા પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ ‘રાશમ’ (તા. બાવળા, જિ. અમદાવાદ) ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ’ અંતર્ગત ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવા ‘રાશમ’ ગામની શૈક્ષણિક મુલાકાત લીધી. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ગ્રામીણ જીવનના વિવિધ પાસાંઓ વિશે જાણકારી મેળવી.

### Presentation Competition :

- SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 213 ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા : ડૉ. આઈ.પી.દેસાઈ) અનુસંધાનમાં ‘જ્ઞાતિ વ્યવસ્થામાં પરિવર્તન’ વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં... **પ્રાચી શૈલેશભાઈ પટેલ પ્રથમ સ્થાને; વૈશાલી હસમુખભાઈ સોલંકી દ્વિતીય સ્થાને અને મુબસ્સીરા અનવરહુસેન ફારુકી તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.
- SEM-Vની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 314, નગર સમાજશાસ્ત્ર) અનુસંધાનમાં ‘નગર સમુદાયની લાક્ષણિકતાઓ’ વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં... **જયા રમાભાઈ સોલંકી પ્રથમ સ્થાને; અનિકાબાનુ મહમ્મદહનિફ સિપાઈ દ્વિતીય સ્થાને અને શાહિનબાનુ સિકંદરખાન પઠાણ તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

**Guest Lecture :**

- તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ ડૉ. ચંદ્રિકા રાવલે (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) SEM-I, III, Vની વિદ્યાર્થિનીઓને 'મહિલા ગૌરવ નીતિ : ગુજરાત રાજ્ય' વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.
- તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ડૉ. ફાલ્ગુની વહાણવાલા (Co-ordinator – Social Science Centre for Distance Education, SNDT University, Mumbai)એ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓને 'ભારતની વસ્તી : સમસ્યા અને ઉપાયો' વિશે વ્યાખ્યાન આપ્યું. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ડૉ. ચંદ્રિકા રાવલે (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) SEM-VIની વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસક્રમના (પેપર : 315 : સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં 'સામાજિક કાર્યકરની ભૂમિકા' વિશે સ્વાનુભવ દ્વારા માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

  વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત :**

વર્ષારંભે SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ' સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવાકાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

તદ્ઉપરાંત 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV / AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

- તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ડૉ. શૈલજા ધ્રુવના નેતૃત્ત્વ હેઠળ SEM-Iની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક (પેપર : 102 : ભારતીય સમાજનું માળખું) 'નગર સમુદાય' મુદ્દાના અનુસંધાનમાં અમદાવાદના પાલડી વિસ્તારના સંસ્કાર કેન્દ્રમાં સ્થાપિત કર્ણાવતી અતીતની ઝાંખી હેઠળ અમદાવાદ : ઇતિહાસ અને તવારીખ વિષયક પ્રદર્શન નિહાળી, પ્રાચીન તથા અર્વાચીન અમદાવાદના ચિત્રો, ચીજવસ્તુઓ, જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

  'પતંગ' – 'અમદાવાદની ઓળખ' સંદર્ભના પ્રદર્શનને નિહાળી, વિવિધ પ્રકારના પતંગો, પતંગોના ઉદ્ભવ-વિકાસ વિશે જાણકારી મેળવી તેમજ પતંગ-મેકિંગની ડૉક્યુમેન્ટરી પણ નિહાળી.
- તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 202 : ભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, આદિવાસીઓની પ્રાદેશિક ભિન્નતા, ચીજવસ્તુઓ તથા જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

તદ્ઉપરાંત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી પ્રાપ્ત કરી.

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 203 : સામાજિક સંશોધન પરિચય) સંદર્ભે 'ગ્રંથાલયની ઉપયોગિતા – ગોઠવણી' અંતર્ગત કૉલેજના શ્રી મિનલ કોઠારી ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી મમતા પાંડે (ઇનચાર્જ ગ્રંથપાલ)એ વિદ્યાર્થિનીઓને સવિસ્તર માહિતી આપી.
- તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા શ્રી ધર્મિષ્ઠા કરડાણીના નેતૃત્ત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 315 : સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં અમદાવાદના એલિસબ્રીજ વિસ્તાર સ્થિત આંતરરાષ્ટ્રીય નામના ધરાવનાર SEWA (Self Employed Women's Association) સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લીધી. SEWA સંસ્થાની SEWA Bankમાં શ્રી કશ્યપીબહેન મહેતા તેમજ શ્રી ભૂમિકાબહેને વિદ્યાર્થિનીઓને સ્નેહપૂર્વક આવકારી, સંસ્થાના ઉદ્ભવ-વિકાસ તેમજ સામાજિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી.

  તદ્ઉપરાંત વિદ્યાર્થિનીઓએ SEWA Academyની પણ શૈક્ષણિક મુલાકાત લઈ, તેના અંતર્ગત ચાલતી સામાજિક તેમજ સંશોધનાત્મક પ્રવૃત્તિ વિશે માહિતી મેળવી.
- તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 311 : ભારતનો સામાજિક ઇતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની જીવન-ઝરમર સંબંધિત માહિતીપ્રદ ચિત્રો ઉપરાંત તેને સંલગ્ન પુસ્તકાલય પણ નિહાળ્યું.

**ચર્ચા :**

- તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત એમ.પી.આર્ટ્સ એન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેનના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત 'સ્માર્ટ ફોનના લાભાલાભ' વિષયક આંતરકૉલેજ જૂથ ચર્ચામાં SEM-Vની વિદ્યાર્થિનીઓ – અનીકાબાનુ મહમ્મદહનીફ સિપાઈ, નેહા મનુભાઈ વ્યાસ, આલીશાબાનુ મોહમ્મદઈલ્યાસ મેમણ અને ખુશ્બુ પૂંજાલાલ કલાલ-એ ભાગ લીધો.
- તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ (૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ - રવિવાર - રાષ્ટ્રીય કન્યા દિન) રાષ્ટ્રીય કન્યા દિન નિમિત્તે તેના પૂર્વદિને SEM-II, IV & VIની વિદ્યાર્થિનીઓ દ્વારા 'કન્યા કેળવણી

અને આર્થિક દરજ્જો' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ કન્યાના શિક્ષણથી બદલાતા સ્ત્રીના આર્થિક દરજ્જા વિશે વિચારો રજૂ કરી, વૈચારિક આદાન-પ્રદાન દ્વારા ચર્ચામાં સક્રિય ભાગીદારી નોંધાવી.

- તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણીના ભાગરૂપે SEM-IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે 'મતદાતા અને મતદાર કાર્ડ' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ મતદાતાની ફરજો તેમજ મતદાર કાર્ડની અગત્યતા વિશે રજૂઆત કરી, ચર્ચામાં રસપૂર્વક ભાગ લીધો.

- **ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના સામાજિક વિભાગ દ્વારા આયોજિત નવતર કાર્યક્રમમાં સામેલ સમાજશાસ્ત્ર વિભાગ :**

  તા. ૧૦ માર્ચ, ૨૦૧૬ના રોજ (૮ માર્ચ, ૨૦૧૬ – આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી સંદર્ભે) ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તેમજ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'નવતર કાર્યક્રમ (કેન્દ્રો દ્વારા થયેલ સમાધાન બાદ સફળ લગ્નજીવન માણતાં દંપતીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ)માં ડૉ. શૈલજા ધ્રુવની નિશ્રામાં SEM-II તથા IVની વિદ્યાર્થિનીઓએ સ્વયંસેવક તરીકે સક્રિય કામગીરી કરી.

### ❑ ડૉ. શૈલજા ધ્રુવ :

- તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત 'સંધાન' – જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ અંતર્ગત ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) સાથે 'ગુજરાતની નારી પ્રતિભાઓ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૧૯-૨૦ નવેમ્બર, ૨૦૧૫ દરમિયાન દિલ્હીમાં The World Toilet Day નિમિત્તે Sulabh International Social Service Organisation દ્વારા આયોજિત 'Fulfilling the Dream of Hon'ble Prime Minister to Provide Toilet in Each Household by 2019 – Challenges and Way Ahead વિષયક National Conferenceમાં સહભાગી થયાં.

  આ સેમિનારની Technical Session-II (Convergence and Synergy for execution of the SBM : Contribution of Corporate Sector for its implementation)માં Rapporteur તરીકે કામગીરી કરી.

- તા. ૨૭-૨૯ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન ભૂવનેશ્વર (ઓરિસ્સા) સ્થિત KIIT Universityના Kalinga Institute of Social Sciences (KISS)ના યજમાનપદે Indian Sociological Societyના નેજા હેઠળ આયોજિત Development, Marginalization and People's Movement વિષયક XXXI All India Sociological Conferenceમાં The Future Challenges of Higher Education in India વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ અમદાવાદ દૂરદર્શન (DD 11) દ્વારા પ્રસારિત 'હેલો સખી' જીવંત ધારાવાહિકમાં World Daughter Day અંતર્ગત ડૉ. ચંદ્રિકા રાવલ (જાણીતા સમાજશાસ્ત્રી) સાથે વિષયોચિત વાર્તાલાપ પ્રસારિત થયો.
- તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ સાણંદ (જિ. અમદાવાદ) સ્થિત Smt. Ramilaben Bachubhai Patel Arts and Commerce College દ્વારા આયોજિત સાહિત્ય અને સમાજવિષયક Workshopમાં 'આંગળિયાત' અને 'વળામણાં'માં રજૂ થતું સમાજદર્પણ વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૦-૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન જૂનાગઢમાં Dr. Subhash Mahila Arts, Commerce & Home Science Collegeના યજમાનપદે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના નેજા હેઠળ આયોજિત Regional Society and Culture વિષયક ૨૩મા અધિવેશનમાં 'ભાયલા ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ સતલાસણા (જિ. મહેસાણા, ઉ.ગુજરાત) સ્થિત Smt. R. M. Prajapati Arts College દ્વારા આયોજિત અને UGC (Under CPE) દ્વારા પ્રાયોજિત Problems and Issues of Society વિષયક National Seminarમાં Domestic Violence in India વિશે Key Paper રજૂ કર્યું.

  આ Seminarની Open Panelમાં Chair-Person તરીકે ભૂમિકા ભજવી.
- તા. ૮-૯ એપ્રિલ, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની Dr. B. R. Ambedkar Chair દ્વારા આયોજિત 'Social Exclusion, Globalization and Inclusion process'વિષયક National Seminarમાં સહભાગી થયાં.
- વિશ્વ ગુજરાતી સમાજના કારોબારી સભ્ય તરીકે નિયુક્ત.
- વિશ્વ ગુજરાતી સમાજની આંતરરાષ્ટ્રીય મહિલા વિંગ (IWW-VGS)માં માનદ્ સહમંત્રી તરીકે કાર્યરત્.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના અભ્યાસલેખન (સમાજશાસ્ત્ર)માં સહલેખિકા તરીકે કાર્યરત્.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત્.
- SNDT Woment's Universityના Centre for Distance Educationના અભ્યાસલેખન (સમાજશાસ્ત્ર)માં લેખિકા તરીકે નિયુક્ત.

**પ્રકાશન :**

**આર્ટિકલ :**

'The Social Impact of Mobile Phones on Students' (Joint) (ISSN-2231-2897) AARSI-A Journal of Social Reflection; Published by SLU College; Ahmedababd Vol. 3, No. 3, September-2015, Page No. 56 to 65.

**પુસ્તકઃ**

સમાજશાસ્ત્ર – ધોરણ-૧૧ (૨૦૧૬) (સહલેખન) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

## ★ CWDC (Collegiate Women's Development Committee) / ICC (Internal Complaints Committee) :

- તા. ૩૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યશ્રી અને CWDCના ચેરપર્સન ડૉ. સિરાલી મહેતાએ મુખ્ય વક્તા : ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નો પરિચય આપી, સૌને આવકાર્યા. ડૉ. ચંદ્રિકા રાવલે 'મહિલા સુરક્ષા અને CWDCની ભૂમિકા તેમજ ICCના મહત્ત્વ' વિશે માહિતી આપી.

  આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'કલીની કરુણ કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુધ્ધ જાગૃતિ લાવવાના હેતુથી અબ ખામોશી ક્યોં ? વિષયક ડૉક્યુમેન્ટરી બતાવવામાં આવી.

  સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે કહ્યું.
- તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી WDC + ICCના યજમાનપદે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના નેજા હેઠળના મહિલા સશક્તિકરણ પખવાડીયા અન્વયે આયોજિત મહિલા સાહસિકતા વિષયક સેમિનારમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં.
- તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ ગુજરાત સરકાર દ્વારા આયોજિત મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપ 'Helpline for Women' અંતર્ગત મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા Shri N. K. Vyas (Police Inspector – Ellisbridge Police Station, Ahmedababd)એ વિદ્યાર્થિનીઓને સરકાર દ્વારા ચાલતી મહિલા સુરક્ષા યોજના તેમજ Women Helpline વિશે માહિતી આપી. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સદૃષ્ટાંત સવિશેષ માહિતી મેળવી.
- તા. ૨૧ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ ગુજરાત સરકારની યોજના – '181 – અભયમ્ મહિલા હેલ્પલાઈન' અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ પૂર્વભૂમિકા બાંધી, સૌ મંચસ્થજનોને આવકાર્યા. આ કાર્યક્રમમાં વિષયોચિત યોજના સાથે સંકળાયેલા શ્રી ફાલ્ગુની પટેલ (રિજનલ કૉ-ઑર્ડિનેટર), શ્રી નિશા કાપડિયા (કોન્સ્ટેબલ), શ્રી શીતલ પટેલ (કાઉન્સેલર), શ્રી સુનિતા મકવાણા (કાઉન્સેલર) ઉપસ્થિત રહ્યા હતાં. મંચસ્થોજનો દ્વારા અપાયેલ માહિતી બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.

- તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કૉલેજના CWDCના સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થિનીઓએ સ્ત્રી-આરોગ્ય સંબંધી જાગૃતિ લાવવાના આશયથી પોતાના ગ્રામીણ સમુદાય તથા શહેરી વિસ્તારમાં સમજાવટની કામગીરી કરી.

- **Gender Parity Workshop :**

  તા. ૧૦ માર્ચ, ૨૦૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન (૮ માર્ચ)ની ઉજવણીના ભાગરૂપે કૉલેજમાં – કૉલેજના CWDC, ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ તથા IWW-VGS (International Women's Wing – Vishva Gujarati Samaj)ના સંયુક્ત ઉપક્રમે 'Gender Parity' વિષયક Workshopનું આયોજન કરવામાં આવ્યું.

  આ Workshopના આયોજનમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, CWDC કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ, (સહમંત્રી-IWW, VGS), ડૉ. ચંદ્રિકા રાવલ (મંત્રી, IWW-VGS તથા પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી), શ્રી જુલી દેસાઈ-વખારિયા (ચેરપર્સન, IWW-VGS)એ સક્રિય ભૂમિકા ભજવી.

  **પ્રારંભ :**

  Workshopના પ્રારંભમાં – પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ સૌને આવકારી, કૉલેજના ઉદ્ભવ-વિકાસ તથા પ્રવૃત્તિઓનો ટૂંક પરિચય આપ્યો. વધુમાં તેમણે ત્રણેય સંસ્થાઓના પારસ્પરિક સંકલનનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, "સહકારયુક્ત અભિગમને લીધે આ પ્રકારના કાર્યક્રમો યોજવામાં સરળતા બની રહે છે. વળી, યુવાનો પણ પ્રવર્તમાન પ્રવાહને આનુસંગિક સમાજ ઉપયોગી કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગીદારી નોંધાવે છે. તેનાથી સમાજનું ભાવિ ઉજ્જવળ બનશે તેની મને ખાત્રી છે."

  – ડૉ. ચંદ્રિકા રાવલે પોતાના ઉદ્બોધનમાં Workshopનો હેતુ, રૂપરેખા તેમજ CWDC, સમાજશાસ્ત્ર વિભાગ – ગુ.યુનિ. તથા IWW-VGS દ્વારા થતી સમાજસેવાની પ્રવૃત્તિઓની માહિતી આપી, વિદ્યાર્થીઓને સમાજસેવાની પ્રવૃત્તિ ખાસ કરીને વ્યક્તિગતથી સમાજકક્ષાએ સ્ત્રી-પુરુષ ભેદભાવના અંતરને ઘટાડવાની પ્રવૃત્તિઓ કરવા માટે હાંકલ કરી.
  
  – શ્રી જૂલી દેસાઈ-વખારિયાએ Workshopના મુખ્ય વક્તાનો પરિચય આપી, IWW-VGSના ભાવિ કાર્યક્રમો જણાવી, વિદ્યાર્થીઓને તેમાં ભાગીદાર બનવા આહ્વાન કર્યું.

– શ્રી રેણુકા દેસાઈ (કન્વીનર, IWW-VGS)એ સૌને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છા સહ workshop માટે શુભેચ્છા પાઠવી.

**Workshop :**

Workshopના મુખ્ય વક્તા Shri Anurita Rathore Jadeja (Journalist)એ સૌને મહિલાદિનની શુભેચ્છા પાઠવી, Gender સંબંધિત વિવિધ મુદ્દાઓ – Equality, Stereotype, Development etc.-ને કેન્દ્રમાં રાખી પ્રશ્નાવલિના માધ્યમથી સ્વાનુભવ તેમજ સમાજજીવનના વિવિધ કિસ્સાઓ દ્વારા વિષયોચિત માહિતી આપી. She highlighted the effectiveness of Motivation and Communication skills in boosting confidence for gender parity.

વક્તા તેમજ બહોળી સંખ્યામાં સહભાગીદાર તમામ વિદ્યાર્થીઓએ આંતરક્રિયા દ્વારા Workshopમાં સક્રિય ભાગીદારી નોંધાવી. પારસ્પરિક વૈચારિક આદાન-પ્રદાનથી ઉપલબ્ધ માહિતીએ workshopને જીવંત વાતાવરણ પૂરું પાડ્યું.

આ workshopમાં IWW-VGSના સભ્યશ્રીઓ – શ્રી ઈલા પંડ્યા, શ્રી પુષ્પા તથા શ્રી ગણપતભાઈ, કૉલેજના CWDCના કૉ-કન્વીનર પ્રા. નયના પ્રજાપતિ તેમજ પ્રા. રૂપલ દેસાઈ, શ્રી ધર્મિષ્ઠા કરડાણી ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર workshopનું સંચાલન ડૉ. શૈલજા ધ્રુવે (કન્વીનર, CWDC) કર્યું.

ક્રિયા-પ્રતિક્રિયા-આંતરક્રિયાના વાતાવરણમાં આ Workshop સફળતાપૂર્વક સંપન્ન થયો.

- તા. ૬ એપ્રિલ, ૨૦૧૬ના રોજ Shri Minal Kawale (Instructor – Designer, Centre for Distance Education, SNDT Woment's University, Mumbai)એ CWDC સેન્ટરની મુલાકાત લઈ જણાવ્યું કે,

  "I feel very glad, to get an opportunity to have a word with CWDC members, It plays a very important role in institute. It makes women very comfortable to share their views, problems, achievements etc. It is very nice that all women work together & share. The ultimate aim empowerment of women should be achieved."

- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના કેન્દ્ર દ્વારા આયોજિત સમાજોપયોગી તેમજ મહિલાઓના દરજ્જા સુધાર કાર્યમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ તથા વિદ્યાર્થિનીઓ સહભાગી બને છે.

## ● આંતરવિભાગીય :

### ❑ પ્રા. ભરત પટેલ, ડૉ. એમ. એમ. કોઠારિયા, ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા डॉ. निशा जोशी :

તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ધનસુરા (જિ. અરવલ્લી-ગુજરાત) સ્થિત The D.P.C.B.L. Arts & Commerce College, Dhansura દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત 'Challenges

and Prospects of Entrepreneurship in India (Commerce) વિષયક National Seminarમાં સહભાગી થયાં.

જેમાં...

- પ્રા. ભરત પટેલે Role of Women Entrepreneurship in Indian economy વિશે,
- ડૉ. એમ. એમ. કોઠારિયાએ Group dynamics of entrepreneurship in India વિશે,
- डॉ. निशा जोशी ने Small Business Management વિશે,
- ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટે Entrepreneurship Theory process and practice in the 21st Century વિશે,

...પેપર રજૂ કર્યું.

### ❑ ડૉ. એમ. એમ. કોઠારિયા તથા ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ :

તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં IBS Business School દ્વારા આયોજિત ‘Excellence in Teaching’ વિષયક Faculty Development Programmeમાં સહભાગી થયાં.

### ❑ डॉ. निशा जोशी, ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિ :

તા. ૨૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજના યજમાનપદે આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Mahabharata : Bharatiya bhasasahitya ke upajivya ke rup mein’ વિષયક National Conferenceમાં સહભાગી થયાં.

- डॉ. निशा जोशी ने ‘पुराण कथा में आधुनिक बोध : अन्धायुग के सन्दर्भ में’ विशे
- ડૉ. અર્ચના પંડ્યાએ ‘પ્રાચીના : કર્મ : સનાતન સત્ય’ વિશે
- ડૉ. વર્ષા પ્રજાપતિએ ‘અનન્યા’ – ચરિત્રપ્રધાન નાટક (ચીનુ મોદીકૃત) વિશે

...પેપર રજૂ કર્યું.

### ❑ डॉ. निशा जोशी, डॉ. रावजी कोटवाल, Dr. Rashmi Soni, ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિ :

તા. ૩-૫ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ તથા શીવયોગના સંયુક્ત ઉપ્રમે આયોજિત Energising Cultures : the Eco-centric Indian Experience વિષયક International Seminarમાં સહભાગી થયાં.

જેમાં...

– डॉ. निशा जोशी ने 'हिन्दी साहित्य में पर्यावरण : चिंतन के रूप में' विशे,
– डॉ. रावजी कोटवाल ने 'हिन्दी साहित्य में पर्यावरण : चिंतन के रूप में' विशे,
– Dr. Rashmi Soniએ Eco-Criticism in Indian English Poetry વિશે,
– ડૉ. અર્ચના પંડ્યાએ 'હિન્દુ ધર્મમાં પર્યાવરણ' વિશે
– ડૉ. વર્ષા પ્રજાપતિએ 'ગુજરાતી કવિતામાં પ્રકૃતિ નિરૂપણ' વિશે

...પેપર રજૂ કર્યું.

### ❑ ડૉ. અર્ચના પંડ્યા, डॉ. रावजी कोटवाल, પ્રા. હિના પટેલ, ડૉ. દક્ષિણા શાહ :

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬કના રોજ અમદાવાદમાં Aravalli Janjivan (weekly) ISSN-2454-9622 and Institute of Education and Tribal Developmentના સંયુક્ત ઉપક્રમે આયોજિત Tribal Society વિષયક National Seminarમાં સહભાગી થયાં.

જેમાં...

– ડૉ. અર્ચના પંડ્યાએ 'ધ્રુવ ભટ્ટની તત્ત્વમસિ નવલકથામાં આલેખાયેલ આદિવાસી સમાજ' વિશે,
– डॉ. रावजी कोटवाल ने 'जनजातिमूलक उपन्यासों में सामाजिक चेतना' विशे,
– પ્રા. હિના પટેલે 'ભારતના આદિવાસીઓની સાંપ્રત સમસ્યાઓ' વિશે,
– ડૉ. દક્ષિણા શાહે 'ગુજરાતના આદિવાસીઓની સામાજિક અને ધાર્મિક પરંપરાઓ' વિશે

...પેપર રજૂ કર્યું.

### ❑ ડૉ. જૂઈ શાહ, પ્રા. નયના પ્રજાપતિ, ડૉ. નીતા પટેલ તથા डॉ. रावजी कोटवाल :

તા. ૭-૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં બી. ડી. કૉલેજ દ્વારા આયોજિત અને Indian Council of Philosophical Research (MHRD) દ્વારા પ્રાયોજિત Ananda – Mimamsa : Sahitya, Kala aur Vijnana ke Paripreksyame વિષયક National Seminarમાં સહભાગી થયાં.

જેમાં...

– ડૉ. જૂઈ શાહ અને પ્રા. નયના પ્રજાપતિએ (સંયુક્ત) 'The impact of Mid-Day Meal Programme on happiness and academic performance' વિશે,

– ડૉ. નીતા પટેલે ‘A study of effect of yoga on social & physical stress’ વિશે પેપર રજૂ કર્યું.

### ❑ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. નીતા પટેલ :

- તા. ૨-૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન અમદાવાદમાં KCG (Knowledge Consortium of Gujarat – Department of Education, Government of Gujarat) તથા Gujarat Arts and Science College Ahmedabadના સંયુક્ત ઉપક્રમે આયોજિત A National Level Training Programme – FDP (Faculty Development Programme)માં સહભાગી થયાં.
- તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી તથા Suraxa Setu Society, Gandhinagar (Gandhinagar District Police)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Suicide Prevention and Mental Health Care વિષયક સેમિનારમાં સહભાગી થયાં.

### ❑ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ તથા પ્રા. નયના પ્રજાપતિ :

તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત ‘ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડરકર’ વિષયક National Seminarમાં સહભાગી થયાં.

જેમાં…

– ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટે ‘Dr. B. R. Ambedker : A ray of hope for downtrodden in India’ વિશે

– પ્રા. નયના પ્રજાપતિએ ‘ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ત્રી-સશક્તિકરણ અંગેના વિચારો દ્વારા અમદાવાદના સીટી તાલુકાની અને દસક્રોઈ તાલુકાની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થિનીઓમાં શિક્ષણ અને મધ્યાહ્ન ભોજનના અસરકારક ઉપયોગ અંગે જાગૃતિ’ વિશે

… પેપર રજૂ કર્યું.

### ❑ પ્રા. ભરત પટેલ તથા ડૉ. એમ. એમ. કોઠારિયા :

તા. ૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં H. A. College of Commerceના યજમાનપદે આયોજિત ‘The Status of Commerce Education in India’ વિષયક National Conferenceમાં સહભાગી થયાં.

### ❑ ડૉ. જૂઈ શાહ, પ્રા. નયના પ્રજાપતિ, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ :

તા. ૨૮-૩૦ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન વલ્લભવિદ્યાનગરમાં BVM Engineering Collegeના સહયોગથી Gujarat Technological University દ્વારા આયોજિત Women in Science &

Technology : Creating Sustainable Career વિષયક International Conferenceમાં સહભાગી થયાં.

જેમાં...

ડૉ. જૂઈ શાહે 'ત્રણ પેપર્સ...' (વ્યક્તિગત + ૨ સંયુક્ત)

- The Women Entrepreneures in India : A Swot Analysis
- Task performance & problems faced by Anganwadi workers of Ahmedabad city (joint)
- A study about an assessment of health status of school going children and knowledge level of mothers of Mehsana Taluka, Gujarat, India (Joint)

... રજૂ કર્યા તથા ટેક્નિકલ રીવ્યુઅર ઑફ રીસર્ચ પેપર કમિટિના સભ્ય તરીકે સક્રિય કામગીરી કરી.

## ❑ કૉમર્સ તથા અર્થશાસ્ત્ર વિભાગ :

તા. ૨૨ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત IIM-A (Indian Institute of Management – Ahmedabad) દ્વારા આયોજિત 'Open House' અંતર્ગત વિદ્યાર્થિનીઓએ IIM-Aની શૈક્ષણિક મુલાકાત લઈ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર આ સંસ્થાની પ્રવૃત્તિઓ, ટ્રેનિંગ સેન્ટર તથા ભૌતિક સુવિધાઓ, સગવડો વિશે માહિતી મેળવી.

## ★ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી ઉજવણી

તા. ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર; ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ – અનુસૂચિત જનજાતિ કૉલેજ અને યુનિવર્સિટી અધ્યાપક મંડળ (GUATA)ના સંયુક્ત ઉપક્રમે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે આયોજિત 'આંબેડકર વિચારધારા' વિષયક રાજ્યસ્તરીય પરિસંવાદમાં કૉલેજના અધ્યાપકો સહભાગી થયાં.

**નોંધ :** આ પરિસંવાદ દરમિયાન – डॉ. रावजी कोटवाल ને પીએચ.ડી.ની પદવીની પ્રાપ્તિ માટે સન્માનપત્ર અર્પી સન્માનવામાં આવ્યાં.

- ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટે 'ડૉ. ભીમરાવ આંબેડકરનું જીવન અને કવન' વિશે પેપર રજૂ કર્યું.

## ★ અમદાવાદ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ :

અમદાવાદ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત નિર્ધારિત થયેલ હોદ્દાઓ અનુસાર મતદાન મથકોમાં...

- **મતદાન અધિકારી** – Polling Officer **તરીકે**

  ડૉ. મધુસુદન મુખરજી, ડૉ. રશ્મિ સોની, ડૉ. એમ. એમ. કોઠારિયા, પ્રા. ઘનશ્યામ અંજારા, ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ, ડૉ. જૂઈ શાહ, ડૉ. દર્શના

અંજારિયા, પ્રા. સ્મિતા દવે, ડૉ. પિંકેશકુમારી ગર્ગ, પ્રા. નયના પ્રજાપતિ, ડૉ. નીતા પટેલ, પ્રા. કેતલ ત્રિવેદી, પ્રા. હિના પટેલ, ડૉ. દક્ષિણા શાહ, પ્રા. ભરત પટેલ, પ્રા. દિનેશ પટેલ, ડૉ. નિશા જોશી, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. મુકેશકુમાર બારૈયા, ડૉ. વર્ષા પ્રજાપતિ, શ્રી શાંતિલાલ ડામોર, શ્રી ભરતકુમાર ચુડાસમા, શ્રી શિવચરણ કવિશ્વર, શ્રી માયા સોની.

– **સેવાર્થી તરીકે**

શ્રી લાલજી પુરબીયા, શ્રી ચંદુલાલ અસારી, શ્રી પ્રકાશબાબુ ખિટોલીયા, શ્રી પુનાજી ડામોર, શ્રી રસીલા કટારા, શ્રી વિજયકુમાર પટેલ

...સક્રિય કામગીરી કરી.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ :

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- રમતગમત ક્ષેત્રે – સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.

**નોંધ :** એસ.એલ.યુ. કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા ભાગીરથી કલાકૌશલ ટ્રોફી પ્રાપ્ત કરનાર તનુજા ગોધિયાને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી, સન્માનવામાં આવી.

– તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદમાં C. U. Shah Arts College દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં હેમલત્તા સોનારાએ ભાગ લીધો.

## ★ NSS વિભાગ તથા સમુદાય સેવા ધારા :

**પ્રોગ્રામ ઑફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. નિશા જોશીના** નેતૃત્ત્વ હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

- તા. ૨૩ અને ૨૮ જુલાઈ, ૨૦૧૫ના રોજ NSS અંગે Orientation Programmeનું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-Iમાં પ્રવેશ મેળવનાર અને NSSમાં જોડાનાર વિદ્યાર્થિનીઓને NSS પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

NSSમાં પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ આગંતુક વિદ્યાર્થિનીઓને પોતાના સ્વ-અનુભવને આધારે NSS હેઠળ સમાજકાર્ય વિશે માહિતી આપી.

– ડૉ. નિશા જોશીએ 'NSS : અર્થ, હેતુઓ' શીર્ષક હેઠળ વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી, સમાજકાર્યમાં ભાગીદાર બનવા પ્રોત્સાહિત કરી.

– પૂર્વ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ઘનશ્યામ અંજારાએ 'NSS : પસંદગી અને ઘડતર' અંતર્ગત માહિતીપ્રદ વ્યાખ્યાન સાથે દત્તક ગામ જીવણપૂરા (તા. સાણંદ, જિ. અમદાવાદ)ની પ્રવૃત્તિ વિશે જાણકારી આપી.
– પ્રા. નરવતસિંહ ડામોર તથા પ્રા. ઘનશ્યામ અંજારાએ વર્ષ દરમિયાનની કૉલેજ તથા યુનિવર્સિટી કક્ષાની કામગીરીના સમયપત્રકનું ઘડતર કરી, વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી.

વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રૂચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી.

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ 'ગાંધીજી અને સમાજકાર્ય'અંતર્ગત અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. NSSની વિદ્યાર્થિનીઓએ ગાંધીજીના જીવન-કવન સાથે સંકળાયેલ સમાજકાર્ય વિશેના પ્રદર્શન ઉપરાંત 'ગાંધીજીવન' આધારિત ડૉક્યુમેન્ટરી દ્વારા વિષયોચિત જાણકારી મેળવી.
- તા. ૧૨-૧૩ ઑગસ્ટ, ૨૦૧૫ દરમિયાન ગુજરાત સેવાદળ-કોંગ્રેસના નેજા હેઠળ ધ્વજવંદન તાલીમ શિબિરમાં વિદ્યાર્થિનીઓ સહભાગી બની.
- તા. ૧૨ જાન્યુંઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના Health Center દ્વારા પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત Training Programmeનું આયોજન કરવામાં આવ્યું.

  Dr. Meeta Dani (Medical Officer, Health Center, Paldi)એ વિદ્યાર્થિનીઓને 'પોલિયોની રસી'ના અનુસંધાનમાં વિવિધ બાબતોનું ડેમોન્સ્ટ્રેશન આપી, માહિતગાર કરી. શ્રી તરુણભાઈ તથા શ્રી પ્રવીણભાઈએ મદદનીશ તરીકે કામગીરી કરી.
- તા. ૧૭-૧૯ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા પલ્સ પોલિયો અને અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ અમદાવાદના જુદા જુદા વિસ્તારોના AMC Health Centreમાં ઉપસ્થિત રહી, બહોળી સંખ્યામાં સેવાકીય પ્રવૃત્તિ કરી.

  **વિશેષ :**

  તા. ૨૧-૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ ઉપર્યુક્ત કાર્યક્રમનું વિસ્તરણ થયું. તેમાં તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ જોડાઈને પોતાનું યોગદાન આપ્યું.

  AMC દ્વારા યોગદાન આપનાર પ્રત્યેક વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર તથા પુરસ્કાર આપી, પ્રોત્સાહિત કરવામાં આવી.
- તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૧૫ તથા ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ સક્રિય કામગીરી કરી.

➡ **દત્તક ગામ :**

જીવણપુરા (તા. સાણંદ, જિ. અમદાવાદ)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો – પ્લાસ્ટિક છોડો અભિયાન, પોલિયો જાગૃતિ અભિયાન, ભીંતસૂત્ર લેખન, સાક્ષરતા અભિયાન, પ્રૌઢ શિક્ષણ, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV/AIDSના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા) વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામ વિકાસલક્ષી યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો, વૃક્ષારોપણ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

❑ **ડૉ. નિશા જોશી :**

તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત M. G. Science Collegeના યજમાન પદે, ગુજરાત યુનિવર્સિટીના N.S.S. વિભાગ દ્વારા આયોજિત N.S.S. Programme Officers વિષયક Workshopમાં સહભાગી થયાં.

★ **N.C.C. વિભાગ :**

**NCCના Caretaker ડૉ. અર્ચના પંડ્યા**ના નેતૃત્ત્વ હેઠળ વર્ષ દરમિયાન NCCની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. **વૈશાલી મદ્રાસી**એ વર્ષ દરમિયાન **મદદનીશ** તરીકે કામગીરી કરી.

- વર્ષના પ્રારંભમાં આગંતુક કેટેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે N.C.C.ની જીવનમાં જરૂરિયાત વિશે સવિસ્તર માહિતી આપી.

  ડૉ. અર્ચના પંડ્યાએ N.C.C. ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ સાંપ્રત સમયમાં NCCની મહત્તા વિશે સવિસ્તર માહિતી આપી.
- વર્ષ દરમિયાન યોજાયેલ Annual Training Camp I to VI (અમદાવાદ), National Integration Camp, Combined Annual Training Camp (અમદાવાદ), Army Attachment Camp, All India NCC Girls Trekking Expedition Campમાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.
- તા. ૧૩ જુલાઈ, ૨૦૧૫ના રોજ અમદાવાદ સ્થિત NCC યુનિટના Shri N. A. Pathan (Medical Officer, NCC Unit, Ahmedabad)નું NCC અને Fitness વિષયક workshopનું આયોજન કરવામાં આવ્યું.

Shri Pathanએ NCC કેટેટ્સને સ્વ-અનુભવ આધારે N.C.C.ના વિવિધ પાસાંઓ વિશે ડેમોન્સ્ટ્રેશન દ્વારા માહિતી આપી. તદ્ઉપરાંત પોષણક્ષમ આહારની મહત્તા વિશે, રાષ્ટ્રીય સેવામાં મહિલાઓની ભૂમિકાના યોગદાન વિશે જાણકારી આપી, પ્રોત્સાહન આપ્યું.

- તા. ૭-૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન અમદાવાદના NCC Unit દ્વારા આયોજિત Campમાં Flag Areaમાં કૉલેજની NCC કેડેટેસ...



**નુરૈન મોદન**



**ગુલફસા રંગરેજ**

**...બન્નેએ પ્રથમ નંબર પ્રાપ્ત** કર્યો.

## ★ રમતગમત વિભાગ તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા :

**શારીરિક શિક્ષણ અને વ્યાયામ યોગ ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. મુકેશકુમાર બારૈયા**ના માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૨૧ જૂન, ૨૦૧૫ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કૉલેજ કૅમ્પસમાં કરવામાં આવી. વ્યાયામ, યોગ ખેલકૂદ ધારાના કન્વીનર તથા શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડૉ. મુકેશકુમાર બારૈયાના નેતૃત્ત્વ હેઠળ તાલીમાર્થી વિદ્યાર્થિનીના સહયોગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. તદ્ઉપરાંત ભગીની સંસ્થા – SMNK Dalal Edu. College તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો પણ સહભાગી થયાં.

  તન, મન અને આત્માની શુદ્ધિના અનુસંધાનમાં આયોજિત આ કાર્યક્રમમાં સૌએ પ્રાણાયામ, યોગ વગેરે બાબતો કરીને વિશ્વ યોગ દિનની ઉજવણી કરી.
- તા. ૧ જુલાઈ, ૨૦૧૫ થી ૩૧ જુલાઈ, ૨૦૧૫ દરમિયાન કૉલેજમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. સિરાલી મહેતા, સ્ટાફના સભ્યો તથા વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને શિબિરને સફળ બનાવી.
- તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ દ્વારા આંતર કૉલેજ ક્રોસકન્ટ્રી સ્પર્ધાનું આયોજન એલ. ડી. આર્ટ્સ કૉલેજના યજમાનપદે કરવામાં આવ્યું. જેમા કૉલેજની

વિદ્યાર્થિનીઓ – મનિષા ઝાલા, જલ્પા પટેલ, વર્ષા પંડ્યા, રંગરેજ ગુલફસા, નુરેન મોદન, વૈષ્ણવી કડીયા અને જીનલ પંચાલે ઉત્સાહભેર ભાગ લીધો.

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ દ્વારા આંતર કૉલેજ બાસ્કેટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **પેમલા ગાર્ડનરે** વ્યક્તિગત સિલેક્શનમાં ભાગ લીધો. તેમજ આંતર ઝોનલમાં ભાગ લઈ, આંતર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી પામી. તેણે જયપુર મુકામે યોજાયેલ **આંતર યુનિવર્સિટી બાસ્કેટબોલ સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજ તથા યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું.
- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગની આંતર કૉલેજ ચેસ સ્પર્ધા સમિતિની મિટીંગનું આયોજન કૉલેજના યજમાનપદે કરવામાં આવ્યું. જેમાં સમિતિના અધ્યક્ષ પ્રિ.ડૉ. સિરાલી મહેતા, ડૉ. મુકેશકુમાર બારૈયા તથા સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા.
- તા. ૧૦ – ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગની આંતર કૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના યજમાનપદે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ નાઝનીન છીપા અને રુખસાર મન્સુરીએ પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ આંતર કૉલેજ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે કરવામાં આવ્યું. જેમાં જહાન્વી શુક્લ, જીનલ પંચાલ અને ભક્તિ જોષીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. જે પૈકી **જહાન્વી શુક્લએ સિંગલ્સ ટુર્નામેન્ટ**માં સુંદર રમત પ્રદર્શન કરીને **સેમિફાઈનલમાં પ્રવેશ** મેળવ્યો.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગની આંતર કૉલેજ હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં પેમલા ગાર્ડનર, વર્ષા પંડ્યા, જીનલ પંચાલ, રાગીણી કાનફાડે, વૈશાલી મદ્રાસી, તૃપ્તિ ચૌહાણ, શફક પઠાણ અને પૂજા ભીંડીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, **અમદાવાદ વિભાગની આંતર કૉલેજ જૂડો સ્પર્ધાનું** આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં **કૉલેજની વિદ્યાર્થિનીઓએ** શાનદાર રમતપ્રદર્શન કરીને **ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી.** તે પૈકી ૪૪ કિ.ગ્રા. વજન જૂથમાં **મનિષા ઝાલાએ પ્રથમ, વર્ષા પંડ્યાએ દ્વિતીય,** ૪૮ કિ.ગ્રા. વજનજૂથમાં **અશમેરા શેખે દ્વિતીય,** ૫૨ કિ.ગ્રા. વજન જૂથમાં **વૈશાલી મદ્રાસીએ દ્વિતીય,** ૫૭ કિ.ગ્રા. વજન જૂથમાં **ભાગ્યેશ્રી સોનીએ દ્વિતીય** તેમજ ઓપન વજન જૂથમાં

**રોમાના કુરેશીએ દ્વિતીય સ્થાન** મેળવ્યું. આ તમામ વિજેતાઓની પસંદગી આંતરઝોનલ સ્પર્ધા માટે થઈ. આ ઉપરાંત કિરણ ચૌહાણ, જીનલ પંચાલ અને શીફા મોમીને કૉલેજ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ આંતરકૉલેજ ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કૉલેજ ટીમે સરસ રમત મુકાબલો કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. તેમાં જલ્પા પટેલ, મનિષા ઝાલા, વર્ષા પંડ્યા, રાગીણી કાનફાડે, વૈશાલી મદ્રાસી, નઝીફા મન્સુરી, ગુલફસા રંગરેજ, નુરેન મોદન, આરતી ડાભી અને તૃપ્તિ ચૌહાણે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી **આંતરઝોનલ જૂડો સ્પર્ધાનું** આયોજન કરવામાં આવ્યું. તેમાં ૪૪ કિ.ગ્રા. વજન જૂથમાં **મનિષા ઝાલા દ્વિતીય,** ૪૮ કિ.ગ્રા. વજન જૂથમાં **અશમેરા શેખ દ્વિતીય** તેમજ ઓપન વજન જૂથમાં **રોમાના કુરેશીએ દ્વિતીય સ્થાન** પ્રાપ્ત કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.
- તા. ૧૧ – ૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી **આંતરકૉલેજ એથ્લેટીક્સ સ્પર્ધાનું** આયોજન કરવામાં આવ્યું. તેમાં **મનિષા ઝાલાએ ૪૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ, ૮૦૦ મીટર દોડમાં અને ૧૫૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ** હાંસલ કર્યા. જ્યારે **રોમાના કુરેશીએ ગોળાફેંકમાં બ્રોન્ઝ મેડલ** પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત જીનલ પંચાલ, વર્ષા પંડ્યા, અક્સા શેખ, ગુલફસા રંગરેજ, નુરેન મોદન, પેમલા ગાર્ડનર અને ભાગ્યેશ્રી સોનીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- **અન્ય પ્રાદેશિક સ્પર્ધાઓ :**

- તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ **રાજ્યકક્ષાની ક્રોસકન્ટ્રી સ્પર્ધા**નું આયોજન જે.પી. સ્પોર્ટસ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું. તેમાં **મનિષા ઝાલાએ તૃતીય સ્થાન** પ્રાપ્ત કર્યું અને મેડલ તથા રોકડ પુરસ્કાર હાંસલ કર્યાં અને પેમલા ગાર્ડનરે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મહાજન શક્તિદળ દ્વારા **રાજ્યકક્ષાની લંગડી સ્પર્ધા**નું આયોજન નરોડા, અમદાવાદ મુકામે કરવામાં આવ્યું. તેમાં **કૉલેજની ટીમે** સુંદર રમત પ્રદર્શન કરીને **ચેમ્પિયનશીપ હાંસલ** કરી. ટીમના સભ્યો : મનિષા ઝાલા, જલ્પા પટેલ, વર્ષા પંડ્યા, રાગીણી કાનફાડે,

તૃપ્તિ ચૌહાણ, પેમલા ગાર્ડનર, વૈશાલી મદ્રાસી, શફક પઠાણ, નઝીફા મન્સુરી અને કાજલ જાની. વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

- તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મહાજન શક્તિદળ દ્વારા ઓરીએન્ટલ ક્લબ, અમદાવાદ મુકામે રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ મનિષા ઝાલા, વર્ષા પંડ્યા અને જીનલ પંચાલે રસપૂર્વક ભાગ લીધો.
- તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ **મહાજન શક્તિદળ દ્વારા રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધાનું** આયોજન ખોખરા, અમદાવાદ મુકામે કરવામાં આવ્યું. જેમાં કૉલેજના **– અલ્ફીના પઠાણે ગોલ્ડ મેડલ; મનિષા ઝાલાએ સિલ્વર મેડલ; રોમાના કુરેશી અને ભાગ્યેશ્રી સોનીએ બ્રોન્ઝ મેડલ હાંસલ** કર્યા. વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્રો તથા ઈનામો એનાયત કરવામાં આવ્યા.

**ખેલમહાકુંભ : ૨૦૧૬ :**

- જાન્યુઆરી અને ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા ખેલમહાકુંભ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું. તેમાં **રસ્સાખેંચ રમતમાં કૉલેજ ટીમે સતત ત્રીજી વખત વોર્ડ અને ઝોન કક્ષાએ ચેમ્પિયનશીપ મેળવી તેમજ જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવ્યું.** વિજેતા ટીમના ખેલાડીઓ – મનિષા ઝાલા, વર્ષા પંડ્યા, ભાગ્યેશ્રી સોની, અલ્ફીના પઠાણ, જલ્પા પટેલ, કાજલ જાની, પેમલા ગાર્ડનર, દરખશા પઠાણ અને રોમાના કુરેશી. તે પૈકી ભાગ્યેશ્રી સોની અને અલ્ફીના પઠાણની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી. વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર ગુજરાત સરકાર દ્વારા એનાયત કરવામાં આવ્યા.

  **ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધામાં મનિષા ઝાલા અને રોમાના કુરેશીએ પ્રથમ સ્થાન** પ્રાપ્ત કર્યું. જ્યારે **અલ્ફીના પઠાણ અને વર્ષા પંડ્યાએ દ્વિતીય સ્થાન** પ્રાપ્ત કર્યું હતું. તે પૈકી મનિષા ઝાલા અને રોમાના કુરેશીએ રાજ્યકક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાનું આયોજન નડીયાદ મુકામે થયું. તેમાં કૉલેજ અને અમદાવાદ જિલ્લા ટીમનું પ્રતિનિધિત્વ કર્યું. વિજેતા ખેલાડીઓને ગુજરાત સરકાર દ્વારા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

# ગૌરવવંતા ખેલાડીઓ



પેમલા ગાર્ડનર



જલ્પા પટેલ



મનિષા ઝાલા



ભાગ્યેશ્રી સોની



રોમાના કુરેશી

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની હોકી સ્પર્ધામાં કૉલેજની શિલ્પા મૌર્યએ વ્યક્તિગત સિલેક્શનમાં ભાગ લીધો. તેનું સિલેક્શન રાજ્યકક્ષાની હોકી સ્પર્ધા માટે થયું. તેમણે રાજકોટ મુકામે યોજાયેલ રાજ્યકક્ષાની હોકી સ્પર્ધામાં ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધાર્યું.

**ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધાનું** આયોજન સી.એન.વિદ્યાલય, અમદાવાદ મુકામે થયું. તેમાં **મનિષા ઝાલા, વર્ષા પંડ્યા અને રોમાના કુરેશીએ તૃતીય સ્થાન** હાંસલ કર્યું. આ ખેલાડીઓએ **વોર્ડ કક્ષા અને ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન** હાંસલ કર્યું.

## સાહસિક પ્રવૃત્તિઓ :

- તા. ૨૧ – ૩૦ મે, ૨૦૧૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, આબુ મુકામે યોજાયેલ બેઝિક ટ્રેકીંગ કેમ્પમાં જીનલ પંચાલ અને હંસા ચૌહાણે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૨૩ મે, ૨૦૧૫ થી ૭ જૂન, ૨૦૧૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, આબુ મુકામે યોજાયેલ એડવાન્સ ટ્રેકીંગ કેમ્પમાં શોભના ચૌહાણે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૯ – ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા કચ્છ (નાનું રણ) મુકામે યોજાયેલ ડેઝર્ટ કેમ્પમાં શોભના ચૌહાણે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૯ – ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા બેટ દ્વારકા (ઓખા) મુકામે યોજાયેલ મરિન કેમ્પમાં જીનલ પંચાલ, કાજલ જાની, તૃપ્તિ ચૌહાણ અને નઝીફા મન્સુરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

## ● કૉલેજ વાર્ષિક રમતોત્સવ :

- તા. ૨૨ – ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન કૉલેજ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બેડમિન્ટન, ચેસ, કેરમ, દોરડાકૂદ, સંગીત ખુરશી, લંગડી, રસ્સાખેંચ તથા એથ્લેટીક્સની દોડ, કૂદ અને ફેંકની વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ

લીધો. દરેક રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં.

વ્યક્તિગત રમતમાં કોઈ એક વિદ્યાર્થિની વધારેમાં વધારે ચાર રમતમાં ભાગ લઈ શકે અને ચારેય રમતમાં વધારેમાં વધારે ગુણ મેળવનાર ખેલાડીને 'BEST ATHLETE' જાહેર કરવામાં આવે છે. જેમાં **જલ્પા કે. પટેલ** (બી.એ.સેમ.-૨)એ સૌથી વધારે ગુણ મેળવતા તેને **'BEST ATHLETE'ની ટ્રોફી** એનાયત કરવામાં આવી.

કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કે, જેમણે સમગ્ર કૉલેજ કારકિર્દી દરમિયાન પોતાની રમતમાં કૉલેજ, યુનિવર્સિટી, જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે નિયમિત અને શિસ્તબધ્ધ રીતે ભાગ લઈને શ્રેષ્ઠ સિધ્ધિઓ મેળવી હોય તેને 'PLAYER OF THE COLLEGE' ઍવોર્ડ એનાયત થાય, આ વર્ષે આ સન્માન એમ.કોમ.સેમ.-૨માં અભ્યાસ કરતી, વિદ્યાર્થિની **મનિષા ઝાલાને 'PLAYER OF THE COLLEGE' ઍવોર્ડ** એનાયત કરવામાં આવ્યો.

### ❑ ડૉ. મુકેશકુમાર બારૈયા :

- તા. ૨૪ – ૨૬ ઑક્ટોબર, ૨૦૧૫ દરમિયાન શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાર્ષિક યુવા મહોત્સવમાં નિર્ણાયક રેફરી તરીકે નિયુક્ત.
- તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૧૫ થી ૪ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન પંજાબી યુનિવર્સિટી, પટીયાલા મુકામે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી એથ્લેટીક્સ ટુર્નામેન્ટમાં ગુજરાત યુનિવર્સિટી ટીમના કોચ તરીકે નિયુક્ત.
- તા. ૨૮ – ૨૯ જાન્યુઆરી દરમિયાન ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધામાં રેફરી તરીકે નિયુક્ત.
- તા. ૪ – ૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન નિરમા યુનિવર્સિટી, અમદાવાદના વાર્ષિક રમતોત્સવમાં નિર્ણાયક રેફરી તરીકે નિયુક્ત.
- તા. ૧૫ – ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન હિંમતનગરમાં આયોજિત ખેલમહાકુંભની રાજ્ય કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા, નિર્ણાયક રેફરી તરીકે નિયુક્ત.

- તા. ૮ – ૧૦ માર્ચ, ૨૦૧૬ દરમિયાન માઉન્ટ આબુ મુકામે યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ દ્વારા આયોજિત 'OFFICIATING IN SPORTS' વર્કશોપમાં સહભાગી.
- તા. ૧૯ માર્ચ, ૨૦૧૬ના રોજ પાદરા કૉલેજ મુકામે યોજાયેલ 'National Seminar on Physical Education and Sports : Scientific Approach'માં – 'A Study of Various Physiological Variables of Physical Education Teachers' વિશે સંશોધન પેપર રજૂ કર્યું.
- તા. ૧ – ૨ એપ્રિલ, ૨૦૧૬ દરમિયાન ભરૂચ કૉલેજ મુકામે યોજાયેલ 'National Seminar on Physical Education Sports Science and Sports Management' અંતર્ગત 'A Comparative Study of Psychological Profile of Inter University Level Individual and Team Sports Players of Gujarat Vidhyapith' વિશે સંશોધન પેપર રજૂ કર્યું.
- ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાના શોધનિબંધના પરીક્ષક-રેફરી તરીકે નિયુક્ત.
- ગુજરાત યુનિવર્સિટી તેમજ ગૂજરાત વિદ્યાપીઠમાં પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

આમ, **વર્ષ દરમિયાન કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી.**

**વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી આ કૉલેજની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર પામી.**

❀ ❀ ❀

# વિદ્યાર્થિની પ્રતિનિધિ મંડળના હોદ્દેદારો

**(૨૦૧૫-૨૦૧૬)**



**હનાન મસૂરઅહેમદ કાગઝી**
સામાન્ય મંત્રી



**શ્રેયશી સુભાષભાઈ ચાંગોઈવાલા**
સાંસ્કૃતિક મંત્રી



**ફૈઝા ઈલ્યાઝભાઈ ચોખાવાલા**
ચર્ચા મંત્રી



**આશનાબાનુ અસ્પાકખાન પઠાણ**
રમતગમત મંત્રી



**હિના ચંદુભાઈ રાદડિયા**
ખજાનચી



**વિધિ નિલેશકુમાર શાહ**
કૉ-ઑપ્ટ., કોમર્સ



**જયા રમાભાઈ સોલંકી**
કૉ-ઑપ્ટ., આટ્ર્સ